

PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 262
Dt.: 03-06-2026,
Wednesday
Page : 04
Rs.00.50 paisa


### દાઉદના ખાસ સલીમ ડોલા પર EDનો સકંજો

# મુંબઈ-ગુજરાતમાં એકસાથે ૨૦ સ્થળોએ દરોડાથી અંડરવર્લ્ડમાં ફફડાટ

### હવાલા ઓપરેટરો અને બેનામી મિલકતોના માલિકોને પણ તપાસના દાયરામાં લેવાયા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની મુંબઈ ઝોનલ ઓફિસે અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના નજીકના સાથી અને આંતરરાષ્ટ્રીય ડ્રગ તસ્કર સલીમ ઈસ્માઈલ ડોલાના નેટવર્ક પર મોટી કાર્યવાહી શરૂ કરી છે. EDની ટીમે મુંબઈ તેમજ ગુજરાતના સુરત, અંકલેશ્વર અને રાજકોટ સહિત ૨૦ સ્થળોએ એકસાથે દરોડા પાડ્યા છે. આ ઓપરેશન મની લોન્ડરિંગ અને આંતરરાષ્ટ્રીય ડ્રગ્સની હેરાફેરીના કેસ અંતર્ગત હાથ ધરવામાં આવ્યું છે. આ કાર્યવાહી સલીમ ઈસ્માઈલ ડોલા અને તેના સાથીદારો દ્વારા ચલાવવામાં આવતા એવા ડ્રગ સિન્ડિકેટ સામે છે, જેનું નેટવર્ક કેટલાય દેશોમાં ફેલાયેલું છે અને તે હજારો કરોડ રૂપિયાના ડ્રગ્સ કારોબાર સાથે જોડાયેલું છે. ભારત સરકાર તાજેતરમાં જ સલીમ ડોલાને તુર્કિયેથી પ્રત્યાર્પણ કરીને ભારત લાવી હતી. તપાસ એજન્સીઓ મુજબ, તે લાંબા સમયથી આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિબંધિત માદક પદાર્થોનું નેટવર્ક ચલાવીને મોટા પાયે ગેરકાયદે કમાણી કરતો હતો. EDની આ તપાસ ડ્રગ્સ બનાવવા માટે વપરાતા પ્રીકર્સર કેમિકલ્સના સપ્લાયર્સ, કેમિકલ બિઝનેસના વચેટિયાઓ, સિન્થેટિક ડ્રગ મેફેડ્રોનના ઉત્પાદકો અને વિતરકો પર કેન્દ્રિત છે. આ સિવાય હવાલા ઓપરેટરો અને બેનામી મિલકતોના માલિકોને પણ તપાસના દાયરામાં લેવાયા છે. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA), ૨૦૦૨ હેઠળ શરૂ કરાયેલી આ તપાસ મુંબઈમાં સલીમ ડોલા અને અન્ય આરોપીઓ સામે નોંધાયેલી અસંખ્ય FIRના આધારે શરૂ કરવામાં આવી છે. તપાસ દરમિયાન EDને પુરાવા મળ્યા છે કે, આ સંગઠિત ગુનાહિત નેટવર્ક કેમિકલની ખરીદી, ગુપ્ત રીતે મેફેડ્રોનનું ઉત્પાદન, રાજ્યો વચ્ચે ડ્રગ્સની સપ્લાય અને વિદેશમાં તસ્કરી જેવી પ્રવૃત્તિઓ કરતું હતું. ગુના દ્વારા મેળવેલા આ નાણાંને હવાલા ચેનલ દ્વારા ટ્રાન્સફર કરવામાં આવતા હતા અને વિવિધ સહયોગીઓના નામે ચલ-અચલ તેમજ બેનામી મિલકતો ખરીદવા માટે રોકાણ કરવામાં આવતું હતું. હાલમાં EDની ટીમ આ સમગ્ર નેટવર્કની નાણાકીય ગતિવિધિઓની તપાસ કરી રહી છે. આ તપાસ કેમિકલ ફેક્ટરીઓથી લઈને એકાઉન્ટન્ટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) અને અન્ય નાણાકીય સલાહકારોની ભૂમિકા સુધી વિસ્તરેલી છે. હવાલા દ્વારા મોકલાયેલી રકમનો ઉપયોગ ભારત અને વિદેશમાં ક્યાં થયો તે જાણવા માટે દરોડા દરમિયાન દસ્તાવેજો, નાણાકીય રેકોર્ડ અને ડિજિટલ પુરાવા એકત્ર કરવામાં આવી રહ્યા છે.

### મચ્છર અને માફીયાનો સફાયો કરાયો- સીએમ યોગી

# ઉત્તરપ્રદેશમાં હશે પાવાગઢ, ફાઝિલનગરનું નામ બદલશે CM યોગી



(સંપૂર્ણ સમાચાર સેવા)લખનઉ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કુશીનગરમાં એક જનસભા દરમિયાન ૪૨૪ કરોડથી વધુના ખર્ચે સાકાર થનારા ૨૭૮ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને શિલાન્યાસ કરીને જિલ્લાને પ્રગતિની નવી ભેટ આપી છે. અયોધ્યામાં ભવ્ય રામ મંદિરના નિર્માણ બાદ તમકુહી રાજ અને પાવા નગરની પવિત્ર ભૂમિ પર આયોજિત આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ વિરોધ પક્ષો પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે અગાઉની સરકારોના સમયમાં રહેલી અરાજકતા અને માફિયા શાસનનો અંત આણવાની પોતાની સરકારની સિદ્ધિઓ ગણાવી હતી. આ સાથે જ તેમણે સ્થાનિક લોકપ્રતિનિધિઓની માંગ સ્વીકારીને ઐતિહાસિક ક્ષેત્ર 'ફાઝિલનગર'નું નામ બદલીને 'પાવાગઢ' કરવાની સત્તાવાર જાહેરાત કરી હતી. મુખ્યમંત્રીએ કડક શબ્દોમાં જણાવ્યું કે, "અમારી સરકારમાં મચ્છર અને માફિયા બંનેનો સફાયો કરવામાં આવ્યો છે, જેનાથી બીમારી અને ગુનાખોરી બંને જડમૂળથી ખતમ થઈ ગયા છે." ભૂતકાળની પરિસ્થિતિને યાદ કરતા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જણાવ્યું કે, આશરે નવ-દસ વર્ષ પહેલા કુશીનગર પોતાની ઓળખ અને ગંભીર બીમારીઓના સંકટ સામે ઝઝૂમી રહ્યું હતું. એ સમયે અહીં ખનન માફિયા, રેતી માફિયા અને 'જંગલ રાજ'નો ભારે આતંક હતો. આજની ૨૫ વર્ષથી ઓછી ઉંમરની યુવા પેઢીએ કદાચ એ સમયનો ભય અને અરાજકતા જોયા પણ નહીં હોય. આ ઉપરાંત, ઈન્સેફલાઈટીસ (મગજનો તાવ) જેવી જીવલેણ બીમારી દર વર્ષે નિર્દોષ બાળકોના જીવ લેતી હતી અને સમગ્ર આરોગ્ય પ્રણાલી સંપૂર્ણપણે ભાંગી પડી હતી. સીએમ યોગીએ ઉમેર્યું કે અગાઉના શાસનમાં ખેડૂતોની સ્થિતિ અત્યંત દયનીય હતી. શેરડીના વેચાણ માટેની પર્ચીઓ પણ સરળતાથી મળતી નહોતી અને જો મળે તો વજનમાં છેતરપિંડી થતી હતી. વિરોધ પક્ષોને આડે હાથ લેતા તેમણે કહ્યું કે, કોંગ્રેસે આઝાદી પછી લાંબા સમય સુધી રામ મંદિરનું નિર્માણ થવા ન દીધું અને સમાજવાદી પાર્ટી તો જાહેર રામદ્રોહી છે. તેમણે ઈતિહાસની યાદ અપાવતા કહ્યું કે, ૪૯૮ વર્ષ પહેલા એક વિદેશી આક્રમણખોરે મંદિર તોડ્યું હતું, પરંતુ કેન્દ્ર અને રાજ્યની ડબલ એન્જિન ભાજપ સરકાર આવ્યા પછી જ રામભક્તોનો આ વર્ષો જૂનો સંકલ્પ પૂરો થઈ શક્યો છે.મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વર્ષ ૨૦૨૨ પહેલા તમકુહીરાજ અને ફાઝિલનગરના નામે માત્ર રાજકીય મજાક જ થતી હતી. તેમણે મંચ પરથી જાહેરાત કરી કે ફાઝિલનગરના ધારાસભ્ય અને સાંસદની રજૂઆતના આધારે સરકારે પુનઃનામકરણની દરખાસ્ત તૈયાર કરી લીધી છે. હવે આ વિસ્તાર ફાઝિલનગર તરીકે નહીં, પરંતુ ભગવાન મહાવીરના પવિત્ર નામ સાથે જોડીને સત્તાવાર રીતે 'પાવાગઢ' તરીકે નવી ઓળખ મેળવશે.

### 'ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરીએ'

# કોકરોચ જનતા પાર્ટીએ સરકાર સામે માંડ્યો મોરચો

### દિપકનો આરોપ છે કે પરીક્ષા સંબંધિત ગેરરીતિઓ અને વિવાદોના કારણે વિદ્યાર્થીઓ ખૂબ જ પરેશાન છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી કોકરોચ જનતા પાર્ટીના ફાઉન્ડર અભિજીત દિપકેએ કેન્દ્ર સરકાર સામે મોરચો માડી દીધો છે. દિપકે કહ્યું છે કે તેઓ 6 જૂને ભારત પરત આવશે અને દિલ્હીમાં એક શાંતિપૂર્ણ પ્રદર્શન કરશે. તેમની માંગ છે કે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને રાજીનામું આપવું જોઈએ. કારણ છે પરીક્ષા સંબંધિત ગેરરીતિઓ, જેનાથી લાખો વિદ્યાર્થીઓ પરેશાન છે.અભિજીત દીપકેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો જાહેર કર્યો. તેમાં તેમને તેમના સમર્થકો અને વિદ્યાર્થીઓને અપીલ કરી કે તેઓ તેમની સાથે દિલ્હીમાં અવાજ ઉઠાવે. કહ્યું,-'હવે સમય આવી ગયો છે કે આપણે બધા એકસાથે આવીએ. બંધારણના માર્ગ પર ચાલતા શાંતિથી આપણી વાત રાખીએ અને ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરીએ. જો આપણે મળીને બોલીશું તો સરકારે સાંભળવું જ પડશે. 6 જૂન, શનિવારની સવારે હું દિલ્હી પહોંચીશ.' તેમણે લોકોને વિનંતી કરી કે તેઓ એરપોર્ટ પર તેમનું સ્વાગત કરે. ત્યારબાદ બધા મળીને સંસદ માર્ગ પોલીસ સ્ટેશન જશે અને જંતર-મંતર પર પ્રદર્શનની પરવાનગી માંગશે. દિપકેનો આરોપ છે કે પરીક્ષા સંબંધિત ગેરરીતિઓ અને વિવાદોના કારણે વિદ્યાર્થીઓ ખૂબ જ પરેશાન છે. તેમણે સરકાર પાસે જવાબદારીની માંગ કરી છે.અભિજીત દિપકેએ એક વીડિયો સંદેશ જાહેર કરીને ભારત પરત ફરવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે, 'તેઓ NEET પરીક્ષા વિવાદ અને કથિત પેપર લીક મામલે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગને લઈને દેશ પરત આવી રહ્યા છે. અભિજીત દિપકેએ દાવો કર્યો કે નીટ પરીક્ષા સંબંધિત વિવાદોના કારણે લાખો વિદ્યાર્થીઓનું ભવિષ્ય પ્રભાવિત થયું છે.

તેમણે કહ્યું કે આ મુદ્દા પર મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને યુવાનોએ તેમને સમર્થન આપ્યું છે. શિક્ષણ વ્યવસ્થામાં થયેલી કથિત ગેરરીતિઓ માટે જવાબદારી નક્કી થવી જરૂરી છે અને કોઈને ને કોઈએ તેની જવાબદારી લેવી જોઈએ. શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગને લઈને એક ઓનલાઈન અરજીને લાખો લોકોનું સમર્થન મળ્યું છે. સાથે જ, દેશના વિવિધ ભાગોમાં વિદ્યાર્થીઓ અને યુવાનો દ્વારા વિરોધ પ્રદર્શનો પણ કરવામાં આવી રહ્યા છે.દિપકેએ કહ્યું કે, 'તેઓ 6 જૂને દિલ્હી પહોંચશે અને પોતાના સમર્થકો સાથે શાંતિપૂર્ણ રીતે પ્રદર્શન કરવાની પરવાનગી માંગશે. ભારતીય બંધારણ નાગરિકોને લોકતાંત્રિક અને શાંતિપૂર્ણ રીતે પોતાની વાત રાખવાનો અધિકાર આપે છે અને તેમનું સૂચિત આંદોલન આ જ બંધારણીય અધિકાર હેઠળ હશે.' પોતાના સંદેશમાં તેમણે સમર્થકો, વિદ્યાર્થીઓ અને યુવાનોને આ અભિયાનમાં જોડાવાની અપીલ કરતાં કહ્યું કે જો મોટી સંખ્યામાં લોકો એકજૂથ થઈને પોતાનો અવાજ ઉઠાવશે તો સરકારે તેમની માંગણીઓ પર ધ્યાન આપવું પડશે.અભિજીત દિપકેએ એ પણ જણાવ્યું કે, 'તેમના પરિચિતો અને પરિવારના કેટલાક લોકોને આશંકા છે કે દિલ્હી પહોંચવા પર તેમની અટકાયત કરવામાં આવી શકે છે, પરંતુ તેમને ભારતીય લોકતંત્ર અને બંધારણ પર ભરોસો છે.

તેમનું આંદોલન સંપૂર્ણપણે શાંતિપૂર્ણ અને લોકતાંત્રિક રીતે સંચાલિત થશે. તેઓ વિદેશમાં નોકરી કરી શકતા હતા, પરંતુ દેશ અને વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે જોડાયેલા મુદ્દાઓને લઈને ભારત પરત ફરવાનો નિર્ણય કર્યો છે.'

# દેશમાં UPI નો ડિજિટલ ડંકો, મેમાં ૩૦ લાખ કરોડથી વધુની લેવડદેવડ થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી ભારતમાં ડિજિટલ પેમેન્ટનો ક્રેઝ સતત વધી રહ્યો છે. મે ૨૦૨૬ માં, UPI એ એક નવો રેકોર્ડ બનાવ્યો. પહેલી વાર, એક જ મહિનામા UPI દ્વારા લગભગ ૩૦ લાખ કરોડના વ્યવહારો પ્રક્રિયા કરવામાં આવ્યા. જોકે, આ ડિજિટલ ક્રાંતિ પાછળનું પ્રેરક બળ દેશના મુખ્ય શહેરો રહ્યા છે. બેંગલુરુ, મુંબઈ અને પુણે જેવા શહેરો UPI ઉપયોગમાં આગળ વધી રહ્યા છે. NPCI ડેટા અનુસાર, મે ૨૦૨૬ માં UPI દ્વારા ૧૮.૬૮ અબજથી વધુ વ્યવહારો પ્રક્રિયા કરવામાં આવ્યા હતા. આ વ્યવહારોનું કુલ મૂલ્ય ૨૯.૯ લાખ કરોડ સુધી પહોંચ્યું, જે અત્યાર સુધીનો સૌથી વધુ માસિક રેકોર્ડ છે. આ ડેટા દર્શાવે છે કે ભારતમાં લોકો રોકડને બદલે ઝડપથી ડિજિટલ પેમેન્ટ અપનાવી રહ્યા છે. નાની દુકાનોથી લઈને મોટા વ્યવસાયો સુધી, UPI હવે રોજિંદા જીવનનો અભિન્ન ભાગ બની ગયો છે. UPI સમગ્ર દેશમાં પહોંચી ગયું હોવા છતાં, મોટા શહેરો હજુ પણ વ્યવહાર મૂલ્ય અને ઉપયોગની દ્રષ્ટિએ આગળ છે. બેંગલુરુ UPI ચુકવણી માટે સૌથી મોટા કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે, ત્યારબાદ મુંબઈ અને પુણેનો ક્રમ આવે છે. આ શહેરોમાં કામ કરતા લોકો, સ્ટાર્ટઅપ્સ અને ડિજિટલ સેવા વપરાશકર્તાઓની મોટી વસ્તી છે, જેના કારણે UPI વ્યવહારોનું પ્રમાણ વધુ છે.

# લેબેનોન પર હુમલાથી ઈરાન ભડક્યું અમેરિકા સાથે મંત્રણા અટકાવી દીધી

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન લેબેનોન પર ઈઝરાયેલના હુમલાઓથી ગુસ્સે ભરાયેલા ઈરાને અમેરિકા સાથે ચાલી રહેલી મંત્રણા અટકાવવાનો નિર્ણય લીધો છે. લેબેનોન પર હુમલાને યુદ્ધ વિરામનો ભંગ ગણાવીને ઈરાને હોર્મુઝની ખાડી અને રેડ સીમાં દરિયાઈ માર્ગો બંધ કરવાની ચીમકી આપી છે.

લેબેનોન પર હુમલા બંધ ન થાય ત્યાં સુધી અમેરિકા સાથે વાટાઘાટો નહીં કરવાનું ઈઝરાયેલે એલાન કર્યું છે. વાતચીતનો માર્ગ બંધ કરવાની ઈરાનની ચીમકી સાથે બંને દેશ દ્વારા પરસ્પર હુમલા પણ ચાલી રહ્યા છે, જેના કારણે પશ્ચિમ એશિયામાં તણાવ વકરવાનું જોખમ ઊભું થયું છે. લેબેનોનમાંથી ઈઝરાયેલી સૈન્યને સંપૂર્ણ પરત ખેંચી લેવા માગણી ઉપરાંત ઈરાન સમર્થિત યમન અને હુતી બળવાખોરોએ રેડ સીમાં આવેલા બાબા અલ મંદેબ જળમાર્ગને બંધ કરી દેવાની ધમકી આપી છે, જેનાથી વૈશ્વિક વ્યાપાર અને ક્રૂડ સપ્લાય પ્રભાવિત થઈ શકે છે. યુએસ-ઈરાનના નેગોશિએટર્સ વાટાઘાટોના માર્ગે આગળ વધી રહ્યા હોવા છતાં છૂટાછવાયા હુમલા ચાલુ રહ્યા છે. તેહરાને વીકેન્ડ દરમિયાન અમેરિકન ડ્રોનન તોડી પાડ્યા હતા. આંતરરાષ્ટ્રીય જળવિસ્તારોમાં આ હુમલા થયા હાવાનું કહી અમેરિકાએ ઈરાનમાં રડાર અને ડ્રોન સાઈટ્સ ફૂંકી માર્યાનો દાવો સોમવારે કર્યો હતો. કુવૈતમાં અમેરિકન સૈનિકો પર મિસાઈલ હુમલો કર્યો હોવાનો દાવો ઈરાન કર્યો હતો. જો કે આ મિસાઈલ તોડી પડાયાનો વળતો દાવો અમેરિકાએ કર્યો હતો. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘેઈએ જણાવ્યું હતુ કે, અમેરિકા સતત તેનું વલણ બદલી રહ્યું છે. અવિશ્વાસના માહોલમાં વાટાઘાટો થઈ રહી હોવાની પહેલેથી ખબર હતી અને શરૂઆતથી જ સતત બદલાતા વલણના પરચા મળી રહ્યા છે.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તણાવ વધવા છતાં ઈરાન સાથે પીસ ડીલ થવાની આશા વ્યક્ત કરતા ટ્રુથ સોશિયલ પર જણાવ્યું હતું કે, આરામથી બેસો અને રીલેક્સ રહો. ઈરાનને હકીકતમાં ડીલ કરવી જ છે અને આખરે તો ડીલ થઈને જ રહેશે. ઈરાન હંમેશા આવું જ કરે છે. શનિવાર-રવિવારે ઈરાનના ગેરુક અને કેશમ ટાપુઓ પર અમેરિકાએ હુમલા કર્યા હતા અને ઈરાનની એર ડિફેન્સ સીસ્ટમને નુકસાન પહોંચાડ્યુ હતું. આ બંને ટાપુ પર તૈનાત ઈરાનના શસ્ત્રોથી જહાજો પર જોખમ હોવાનું અમેરિકાએ જણાવ્યું હતું.




### વિઝા પ્રોસેસિંગ ટાઈમમાં કર્યો ઘટાડો

# કેનેડા સરકારે ભારતીયોને સુપર વિઝામાં આપી રાહત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી કેનેડા જવાની ઈચ્છા રાખતા ભારતીય નાગરિકો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. કેનેડાના ઈમિગ્રેશન વિભાગ 'ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા' દ્વારા અસ્થાયી નિવાસ વિઝા માટેના પ્રોસેસિંગ ટાઈમમાં મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યા છે. નવી અપડેટ મુજબ, ભારત અને પાકિસ્તાનથી કરાયેલી કેટલીક વિઝા કેટેગરીની પ્રોસેસિંગ સ્પીડ પહેલા કરતા ઘણી ઝડપી બની છે, જ્યારે નાઈજીરીયા અને અમેરિકા જેવા દેશોના અરજદારોને હવે લાંબી રાહ જોવી પડી શકે છે. નવા ડેટા અનુસાર, ભારતીય અરજદારોને સૌથી મોટો ફાયદો 'સુપર વિઝા' કેટેગરીમાં મળ્યો છે. ભારતમાં સુપર વિઝાનો પ્રોસેસિંગ ટાઈમ ૧૬૦ દિવસથી ઘટીને હવે માત્ર ૧૧૭ દિવસ થઈ ગયો છે, એટલે કે સીધો ૪૩ દિવસનો ઘટાડો નોંધાયો છે. પાકિસ્તાન માટે પણ આ સમય ૧૦૭ દિવસથી ઘટીને ૭૫ દિવસ થયો છે. તેનાથી વિપરિત, અમેરિકાથી કરાયેલી સુપર વિઝા અરજીઓનો સમય ૧૦૩ દિવસથી વધીને ૧૧૫ દિવસ થયો છે. વિદ્યાર્થીઓ માટે 'સ્ટડી પરમિટ' ના મામલામાં ભારતનો પ્રોસેસિંગ ટાઈમ ૪ સપ્તાહ (૨૮ દિવસ) પર સ્થિર રાખવામાં આવ્યો છે, જે ઘણો ઝડપી છે. પાકિસ્તાન માટે આ સમય ૧૧ સપ્તાહથી ઘટીને ૭ સપ્તાહ થયો છે.




# તંત્રી લેખ......

## પરીક્ષાઓ અવિશ્વાસમાં ડૂબી રહી છે

પરીક્ષાઓ પહેલાં પ્રશ્નપત્ર લીક થવું દેશમાં લગભગ નિયમિત બની ગયું છે. આ બોર્ડ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓથી લઈને સરકારી ભરતી પરીક્ષાઓ સુધી ફેલાઈ ગયું છે. સરકારે આગામી વર્ષ માટે સુધારાનું વચન આપ્યું છે. આ જરૂરી હતું, પરંતુ શું દેશભરમાં ફેલાયેલો અવિશ્વાસ દૂર થયો છે? ગુનેગારો સામે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. કેટલાક લોકો વર્ષોથી આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓને વ્યવસાય તરીકે ચલાવી રહ્યા છે. તેમને ચોક્કસપણે ક્યાંકથી રક્ષણ મળી રહ્યું હશે.

દર વખતે, સરકાર પ્રશ્નપત્રો તૈયાર કરવા, તેમને સુરક્ષિત રીતે પરીક્ષા કેન્દ્રો સુધી પહોંચાડવા અને પરીક્ષા શરૂ થાય ત્યાં સુધી તેમની ગુપ્તતા જાળવવા માટેની સિસ્ટમમાં સુધારો કરે છે. જોકે, સમસ્યાનું એક મુખ્ય પાસું છે જે જાણીતું છે પરંતુ હજુ સુધી ઉકેલાયું નથી. થોડા વર્ષો પહેલા, બિહારમાં બોર્ડ પરીક્ષાના પરિણામો અંગે દેશવ્યાપી ચર્ચા થઈ હતી. તે સમય દરમિયાન, એક વિદ્યાર્થીના નિવેદન, "હું બીજા વિભાગમાં પાસ થવા માંગતો હતો, પરંતુ મારા કાકાએ મને પરીક્ષામાં ટોપર બનાવ્યો," એ સિસ્ટમમાં ગંભીર ખામીઓ પર પ્રકાશ પાડ્યો હતો. આ એક સંકેત હતો જે સમસ્યાના વાસ્તવિક ઉકેલ તરફ દોરી શકે છે. આપણે એ પણ વિચારવાની જરૂર છે કે લીક થયેલા પ્રશ્નપત્રો કોણ ખરીદે છે? પરિવાર તેનો ખર્ચ ઉઠાવે છે, અને કોણ ઉકેલનાર બની શકે છે, ખાસ કરીને દ્નઈઈ્ જેવી પરીક્ષામાં? ફક્ત એક તબીબી વિદ્યાર્થી અથવા એક સુશિક્ષિત વ્યક્તિ જે પહેલાથી જ ડૉક્ટર બની ચૂક્યો છે તે જ આ કરી શકે છે. શું આ દેશે ક્યારેય તેના નાગરિકોને તેમના પ્રિય બાળકો માટે પ્રશ્નપત્રો ખરીદવા માટે મોટી રકમ ચૂકવનાર પ્રશ્નપત્રો ઉકેલનાર અથવા પરિવારના સભ્યને આપવામાં આવતી સજા વિશે જાણ કરી છે? આવા કિસ્સાઓમાં અને અન્ય સમાન કૃત્યોમાં ગુનેગારોને સજા કરવામાં ભારત આટલું નબળું કેમ છે? અથવા તો, સિસ્ટમ આટલી બેદરકાર કેમ છે? ૪૨મા સુધારા દ્વારા બંધારણમાં મૂળભૂત ફરજો ઉમેરવામાં આવી. જો સરકાર, શિક્ષિત વર્ગ અને સમાજ આ નિયમોનું પાલન કર્યું હોત, તો શું પ્રશ્નપત્ર લીક થયું હોત? શું ફક્ત કાયદામાં ફેરફાર કરીને પ્રશ્નપત્ર લીક અટકાવી શકાય? સિસ્ટમે સતર્ક રહેવું જોઈએ, પરંતુ જ્યાં સુધી શિક્ષણ દરેક વ્યક્તિમાં માનવીય તત્વને જાગૃત કરવામાં નિષ્ફળ જાય છે, ત્યાં સુધી આવા ભય સાકાર થતા રહેશે, અને પરીક્ષાઓની વિશ્વસનીયતા પુનઃસ્થાપિત થશે નહીં. **NEET** પ્રશ્નપત્ર લીક કેસની તપાસ ઝડપથી આગળ વધી રહી છે. તે સ્પષ્ટ થઈ ગયું છે કે પ્રશ્નપત્રો તૈયાર કરવા માટે સક્ષમ ગણાતા, જેમને નિષ્ણાત માનવામાં આવતા હતા, તેઓ જરૂરી નૈતિક ધોરણોને પૂર્ણ કરતા ન હતા. આઝાદી પછીના પ્રથમ કેટલાક દાયકાઓ સુધી પ્રશ્નપત્રો લીક કેમ ન થયા ૧૯૬૫ થી ૧૯૭૦ સુધી, સમાજ એવા વ્યક્તિઓથી ભરેલો હતો જેમણે બલિદાન આપ્યું, તપસ્યા સહન કરી અને રાષ્ટ્ર અને તેના નાગરિકો માટે પોતાનું શ્રેષ્ઠ સમર્પિત કર્યું. આજે પરિસ્થિતિ ક્યાં પહોંચી ગઈ છે? સત્તા પ્રાપ્ત કર્યા પછી અથવા સિસ્ટમનો ભાગ બન્યા પછી સામાન્ય લોકોને ભૂલી જવું લગભગ સંપૂર્ણપણે સ્વીકાર્ય બની ગયું છે. મહાત્મા ગાંધીનો એક ઉક્તિ લગભગ દરેક ચર્ચામાં પુનરાવર્તિત થાય છેઃ "કુદરત પાસે દરેકની જરૂરિયાતો પૂરી કરવા માટે પૂરતા સંસાધનો છે, પરંતુ એક પણ વ્યક્તિના લોભને સંતોષવા માટે નહીં." શું આ જ વિચાર ઘણી દુઃખદ ઘટનાઓ પાછળ રહેલો નથી, જેમ કે દ્નઈઈ્ પરીક્ષાનું પ્રશ્નપત્ર લીક થવું? આખરે, પૈસાનો લોભ જ એક અનુભવી શિક્ષકને તેમની નૈતિકતા અને ફરજ છોડીને એક ઘૃણાસ્પદ સામાજિક ગુનો કરવા દબાણ કરે છે. તે શિક્ષણ પ્રણાલી અને અભ્યાસક્રમની નિષ્ફળતા પણ છે, જે વિદ્યાર્થીઓને પરીક્ષા પાસ કરવામાં મદદ કરતી વખતે, શિક્ષણના સૌથી મહત્વપૂર્ણ ઉદ્દેશ્યઃ નૈતિકતા અને માનવીય મૂલ્યો સાથે વ્યક્તિત્વ વિકાસ પ્રાપ્ત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ જાય છે. નૈતિકતાનો પતન ભારતના ભવિષ્ય પર સીધી અસર કરી રહ્યો છે.

# ભારત સ્ટેશન યોજના હેઠળ પ્રતાપનગર રેલ્વે સ્ટેશનનું કાયાકલ્પ

વડોદરાનું પ્રતાપનગર સ્ટેશન તેના ઐતિહાસિક મહત્વ માટે જાણીતું છે. આ વર્ષ ૧૮૮૦માં નેરોગેજ રેલ્વેના આગમન માટે મુખ્ય કેન્દ્ર રહયું છે. વર્ષ ૧૯૨૨ માં અહીં પ્રતાપનગરમાં એક મહત્વપૂર્ણ રેલ્વે વર્કશોપની સ્થાપના કરવામાં આવી હતી. હાલમાં આ સ્ટેશનને વ્યૂહાત્મક સેટેલાઈટ સ્ટેશન તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે. જેથી વડોદરા સ્ટેશન પર ટ્રાફિકનું દબાણ ઘટાડી શકાય. અહીં લાંબા અંતરની ટ્રેનોના સંચાલન અને આધુનિક મુસાફરોની સુવિધાઓની યોજનાઓનો છે, જેના કારણે પ્રાદેશિક જોડાણ અને મુસાફરોની સુવિધામાં વધારો થશે. વધુમાં, તે સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેતા મુસાફરો માટે એક મહત્વપૂર્ણ બોર્ડિંગ સ્ટેશન છે.

વડોદરા ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી રાજુ ભડકેના જણાવ્યા અનુસાર, પ્રતાપનગર રેલ્વે સ્ટેશનનો આ વ્યાપક પુનર્વિકાસ ફક્ત મુસાફરોને સારી સુવિધાઓ પૂરી પાડશે એટલું જ નહીં, પરંતુ વડોદરા શહેરના રેલ્વે માળખાને નવી ઊંચાઈએ પહોંચાડવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

**મુસાફરોની સુવિધાઓનું વિસ્તરણઃ**

અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ આશરે રૂ.૭૧.૫૮ કરોડના ખર્ચે પ્રતાપનગર રેલ્વે સ્ટેશનનો વ્યાપક પુનઃવિકાસનું કામ કરવામાં આવ્યો છે, જેનાથી સ્ટેશનને એક નવો ભવ્ય દેખાવ મળ્યો છે. પુનર્વિકાસ પ્રોજેક્ટના ભાગ રૂપે, હાલના પ્લેટફોર્મ ૧, ૨ અને ૩ પર પ્લેટફોર્મો પર મુસાફરોની સુવિધાઓનો વિસ્તાર કરવામાં આવ્યો છે. સાથે જ એક નવું પ્લેટફોર્મ ૪ વિકસાવવામાં આવ્યું છે, જેમાં ઉચ્ચ-સ્તરીય પ્લેટફોર્મનું વિસ્તરણ અને રિસરફેસિંગનો સમાવેશ થાય છે. પ્લેટફોર્મ પર આધુનિક પ્લેટફોર્મ શેલ્ટર તૈયાર કરવામાં આવ્યા છે. જેનાથી મુસાફરો માટે આરામદાયક બેઠક ઉપલબ્ધ થશે. નવા સ્ટેશન બિલ્ડિંગમાં વિવિધ નવી વિવિધ ઓફિસો સ્થાપિત કરવામાં આવી છે. મુસાફરોની સુવિધા માટે વધારાના શૌચાલયો નું બાંધકામ કરવામાં આવ્યા છે. સાથે જ આધુનિક સાઈનેજ વ્યવસ્થાન અને દિવ્યાંગજન-અનુકૂળ બુકિંગ કાઉન્ટર સુવિધાઓ વિકસાવવામાં આવી છે. વધુમાં, સ્ટેશન પર બે નવી લિફ્ટ સ્થાપિત કરવામાં આવી છે.



**આકર્ષક બીજો પ્રવેશદ્વારઃ**

પ્રતાપનગર સ્ટેશનના દ્વિતીય પ્રવેશદ્વાર પર નવા સ્ટેશન બિલ્ડિંગનું બાંધકામ અને વાણિજ્યિક વિસ્તારનો વિકાસ પૂર્ણ થઈ ગયો છે, જેથી સ્ટેશન બિલ્ડિંગનો સ્વરૂપ ખુબજ આકર્ષક થયું છે. બીજા પ્રવેશ વિસ્તારમાં સુવ્યવસ્થિત ટ્રાફિક વ્યવસ્થાપન, પર્યાપ્ત પાર્કિંગ સુવિધાઓ, સ્પષ્ટ પ્રવેશ અને બહાર નીકળવાના માર્ગો અને આધુનિક શહેરી માળખાકીય સુવિધાઓ વિકસિત કરવામાં આવી છે.

**કોનકોર્સ વિસ્તારનું આધુનિકીકરણઃ**

મુસાફરોને વધુ સારો અનુભવ પૂરો પાડવા માટે સ્ટેશનના કોનકોર્સ વિસ્તારનું આધુનિકીકરણ કરવામાં આવ્યું છે. આધુનિક ફ્લોરિંગની સાથે આકર્ષક વોલ ક્લેડીંગ કરવામાં આવી છે, જેમાં રેલ્વેના ઈતિહાસની ઝલકને દર્શાવવમાં આવી છે. સ્ટેશન અદ્યતન લાઈટિંગ ની સાથે સ્ટેશન પરિસરમાં કલાત્મક ભીંતચિત્રો સ્થાપિત કરવામાં આવી છે, જે સ્ટેશનને એક નવો આકર્ષક સ્વરુચ પ્રદાન કરે છે.

**દિવ્યાંગજન-મૈત્રીપૂર્ણ સુવિધાઓઃ**

દિવ્યાંગજન મુસાફરો માટે પ્લેટફોર્મને સરળ, સુરક્ષિત અને અનુકૂળ મુસાફરી સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી સુલભતા સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે. દિવ્યાંગજન-મૈત્રીપૂર્ણ બુકિંગ કાઉન્ટર સુવિધાઓ વિકસાવવામાં આવી છે. ફૂટ ઓવરબ્રિજને લિફ્ટ સાથે પણ જોડવામાં આવ્યો છે જેથી મુસાફરોને પ્લેટફોર્મ સુધી પહોંચવાની સુવિધા પ્રાપ્ત થાય, જેનાથી આ સ્ટેશનને સંપૂર્ણપણે દિવ્યાંગજન-મૈત્રીપૂર્ણ બની શકે.

**અવરજવરને સરળ બનાવતું ૧૨ મીટર પહોળો ફૂટ ઓવરબ્રિજઃ**

સ્ટેશનની બંને બાજુના શહેર અને પ્લેટફોર્મને જોડવા માટે ૧૨ મીટર પહોળો ફૂટ ઓવરબ્રિજ બનાવવામાં આવ્યો છે. મુસાફરોની સરળ અવરજવર સુનિશ્ચિત કરવા માટે બંને છેડે રેમ્પની સુવિધા ઉપલબ્ધ કરાવવાની સાથે ફૂટ ઓવરબ્રિજને લિફ્ટો સાથે પણ જોડવામાં આવ્યું છે, જેનાથી મુસાફરોને પ્લેટફોર્મ સુધી જવા માટે સરળતા પ્રાપ્ત થાય, જેથી આ સ્ટેશન સંપૂર્ણપણે દિવ્યાંગજન-અનુકૂળ બની શકે.

આ પ્રોજેક્ટ ભારતીય રેલ્વેની "મુસાફર સુવિધા, સરળ મુસાફરી અને આધુનિક સ્ટેશનો" પ્રત્યેની પ્રતિબદ્ધતાને સાકાર કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

સાબરકાંઠામાં વડાલીના કેશરગંજ ખાતે

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ 'એક પેડ માઁ કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના કેશરગંજ ગામની બે દિવસીય મુલાકાતના પ્રથમ દિવસે ગ્રામીણ જનજીવન, સાદગી અને પર્યાવરણ ચેતનાનો પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો.

હાલની પરિસ્થિતિ અને પર્યાવરણ પ્રત્યેની જાગૃતિને ધ્યાને રાખીને રાજ્યપાલશ્રી કોઈ પણ પ્રકારના મોટા કાફલા વિના આકરી ગરમીમાં એસ.ટી. બસમાં સામાન્ય મુસાફરની જેમ મુસાફરી કરીને ગાંધીનગરથી કેશરગંજ ખાતે પધાર્યા હતા, જે તેમના પ્રેરણાદાયી સાદગીપૂર્ણ અભિગમનો પરિચય કરાવે છે. ગામના મુખ્ય ચોક ખાતે આવી રાજ્યપાલશ્રી સ્વચ્છતા અભિયાનમાં સક્રિયપણે જોડાયા હતા.



રાજ્યપાલશ્રીએ ગ્રામજનોને સ્વચ્છતાને જનઆંદોલન બનાવવા અંગે પ્રેરણાદાયી સંબોધન કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સ્વચ્છતાનો સંદેશ ગામે ગામ પહોંચી રહ્યો છે. તેમણે ઉમેર્યું કે, સ્વચ્છતા એ તંદુરસ્ત અને ગૌરવશાળી સમાજના નિર્માણ માટેની આપણી નૈતિક ફરજ છે. દરેક નાગરિક જ્યારે પોતાના ઘરની સાથે પોતાના ગામને પણ સ્વચ્છ રાખવાનો સંકલ્પ કરશે, ત્યારે જ મહાત્મા ગાંધીજીના સ્વચ્છ ભારતના સપનાને આપણે સાચા અર્થમાં સાકાર કરી શકીશું.

આ મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રીએ પર્યાવરણની જાળવણી અને ગ્રીન કવર વધારવાના ઉદ્દેશ્ય સાથે 'એક પેડ માઁ કે નામ' અભિયાન અંતર્ગત કેશરગંજ ગૌચર ભૂમિ ખાતે ગ્રામજનો સાથે વૃક્ષારોપણ કર્યું હતું. રાજ્યપાલશ્રીની આ પર્યાવરણ ચેતનાથી પ્રેરાઈને ગામના આશરે ૨૦૦ જેટલા સ્થાનિક નાગરિકો પણ આ વૃક્ષારોપણ અભિયાનમાં ઉત્સાહભેર જોડાયા હતા.

સાદગી અને ઉચ્ચ વિચારોનું અનોખું ઉદાહરણ પૂરું પાડતા રાજ્યપાલશ્રીએ રાત્રિના સમયે ગામના જ અનુસૂચિત જાતિ પરિવારના પ્રગતિશીલ ખેડૂતશ્રી વણકર લવજીભાઈ લખાભાઈના નિવાસસ્થાને સાદું રાત્રિભોજન લીધું હતું. રાજ્યપાલશ્રીને પરિવારજનો દ્વારા દુધીનું શાક દાળ, રોટલી, સલાડ અને શીરાનું ભોજન પીરસવામાં આવ્યું હતું. ભોજન દરમ્યાન રાજ્યપાલશ્રીએ પરિવારજનો સાથે વડીલ સહજ સંવાદ પણ કર્યો હતો તેમજ પરિવારના બાળકોને ભણી ગણીને શિક્ષિત બનવા પ્રેરણા આપી હતી. આ તકે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી રીનાબેન પટેલ, ધારાસભ્યશ્રી રમણભાઈ વોરા, કલેક્ટર શ્રી લલિત નારાયણ સિંઘ સાંદુ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ. પી. પટેલ સહિત પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

શાળા શિક્ષણમાં દેશમાં પ્રથમ સ્થાન

# પંજાબની સરકારી શાળાઓએ શિક્ષણ ક્ષેત્રે કેરળને પાછળ છોડી રચ્યો ઈતિહાસ

(સંપૂર્ણ સમાચાર સેવા)પંજાબ

પંજાબની સરકારી શાળાઓની સ્થિતિ એક સમયે દેશના સૌથી પછાત રાજ્યોમાંની એક માનવામાં આવતી હતી. સરકારી શાળાઓમાં ભણતા બાળકો સંસાધનોના અભાવ, નબળા માળખાગત સુવિધાઓ અને મર્યાદિત તકો વચ્ચે પોતાના સપનાઓને બચાવવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા. પરંતુ હવે, પંજાબની સરકારી શાળાઓની સ્થિતિ સુધરી છે. અને તે નંબર વન પર પહોંચી ગઈ છે.

૨૦૧૬-૧૭ માં, પંજાબ શિક્ષણ ક્ષેત્રે ૨૨મા ક્રમે હતું, જ્યારે ૨૦૧૮-૧૯ માં, તે ૨૬મા ક્રમે અને ૨૦૨૦ માં ૨૭મા ક્રમે આવી ગયું. પરંતુ ૨૦૨૨ માં, પંજાબના લોકોએ પરિવર્તનનો નિર્ણય લીધો અને આજે ફક્ત ચાર વર્ષમાં, પંજાબે તે હાંસલ કર્યું છે જે એક સમયે અકલ્પનીય માનવામાં આવતું હતું. નીતિ આયોગના શિક્ષણ ગુણવત્તા અહેવાલ ૨૦૨૬ના તાજેતરના ડેટા અનુસાર, પંજાબે કેરળ, મહારાષ્ટ્ર અને દિલ્હી જેવા રાજ્યોને પાછળ છોડીને શાળા શિક્ષણમાં દેશમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. નીતિ આયોગના જણાવ્યા અનુસાર, પંજાબના બાળકોએ ધોરણ-૩માં ભાષામાં ૮૨ ટકા નિપુણતા પ્રાપ્ત કરી હતી. જ્યારે કેરળનું ૭૫ ટકા હતું. પંજાબે ગણિતમાં ૭૮ ટકા પ્રાપ્ત કર્યું હતું. જ્યારે કેરળનું ૭૦ ટકા હતું. નવમા ધોરણના ગણિતમાં પંજાબનું પ્રદર્શન ૫૨ ટકા હતું. જ્યારે કેરળનું માત્ર ૪૫ ટકા હતું. આ આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે કે પંજાબની સરકારી શાળાઓમાં બાળકોનું મૂળભૂત શિક્ષણ પહેલા કરતાં વધુ મજબૂત બન્યું છે.

હરિયાણાના સૌથી સમૃદ્ધ અને સાયબર-સિટી, ગુરુગ્રામમાં સરકારી શાળાઓનું પ્રદર્શન પંજાબના સૌથી નીચલા ક્રમના જિલ્લાઓ કરતા ઘણું પાછળ છે. આ એક મોડેલની તાકાત દર્શાવે છે જેણે સરકારી શાળાઓને રાજકીય મુદ્દાથી ભવિષ્યના નિર્માણ માટેના મિશનમાં પરિવર્તિત કરી છે. સરકારી શાળાઓના ૭૮૬ વિદ્યાર્થીઓએ **JEE Main** જેવી રાષ્ટ્રીય સ્તરની પરીક્ષાઓ પાસ કરી છે અને ૧૨૮૪ વિદ્યાર્થીઓએ **NEET** પાસ કરી છે.

# બંગાળ પોલીસની સામે મમતા, અભિષેકને માર મારવાના વિરુદ્ધમાં મંજૂરી વિના ધરણાં પર

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

કોલકાતા પોલીસે સોમવારે (૧ જૂન, ૨૦૨૬) મમતા બેનર્જીને વિરોધ પ્રદર્શન કરવાની પરવાનગી આપવાનો ઈનકાર કર્યો હતો. તેમ છતાં, બંગાળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિરોધ કરવા પહોંચ્યા. ધરણા પર બેઠેલી મમતા બેનર્જીએ કહ્યું, "બંગાળમાં પોલીસ ટીએમસી નેતાઓને ધમકાવી રહી છે." મમતા બેનર્જીએ ભાજપને પડકાર ફેંકતા કહ્યું કે જો તેઓ ઈચ્છે તો તેમની ધરપકડ કરી શકે છે. તેમણે કહ્યું કે જો તેમને કોલકાતામાં વિરોધ કરવાની મંજૂરી નહીં મળે તો તેઓ દિલ્હી જશે. વિરોધ સ્થળ પર મોટી ભીડ એકઠી થઈ ગઈ, જેમાં પાર્ટીના સાંસદ કલ્યાણ બેનર્જીનો પણ સમાવેશ થાય છે.મમતા બેનર્જીએ ૧ જૂનના રોજ કહ્યું હતું કે, "પોલીસ એક રાજકીય પક્ષને તોડવાનો પ્રયાસ કરી રહી છે. જો તમે મને અહીં લોકશાહી રીતે વિરોધ કરવા નહીં દો, તો હું દિલ્હી જઈશ. અમારી પાસે ભારત જોડાણની બેઠક પણ છે. બંગાળમાં **SIR** દ્વારા અમને હારનો સામનો કરવો પડ્યો. ૧૭૭ વિધાનસભા મતવિસ્તારોમાં ચૂંટણીમાં ગોટાળા થયા હતા, અને **EVM** હેક કરવામાં આવ્યા હતા. હું પોતે તેનો ભોગ બની છું. જ્યારે હું ૧૩,૦૦૦ મતોથી જીતી રહી હતી, ત્યારે મને બળજબરીથી મતગણતરી કેન્દ્રમાંથી દૂર કરવામાં આવ્યો હતો."

તાજેતરમાં પૂર્ણ થયેલી વિધાનસભા ચૂંટણીમાં મમતા બેનર્જી પાર્ટીની મોટી હાર બાદ પહેલી વાર રસ્તા પર ઉતરી છે. તેમના પોતાના પક્ષના ધારાસભ્યોની ભાગીદારી અંગે અનિશ્ચિતતાઓ વધી રહી છે. સોમવારે બે ધારાસભ્યોની હકાલપટ્ટી બાદ, પક્ષના કેટલા ધારાસભ્યો તેમની સાથે આ કાર્યક્રમમાં જોડાશે તે અંગે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે.

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - મંગળવાર, ૦૨/૦૬/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૨૨૬૦ | ૧,૧૫૦.૦૦ | ૧,૮૫૨.૦૦ |
| ૨ | એરંડા | ૧૧ | ૧,૨૯૬.૦૦ | ૧,૩૦૧.૦૦ |
| ૩ | ઘઉં | ૫૯૩ | ૪૬૧.૦૦ | ૫૪૦.૦૦ |
| ૪ | બાજરી | ૪૮૨ | ૩૬૦.૦૦ | ૪૯૧.૦૦ |
| ૫ | મકાઇ | ૩૦૪ | ૪૧૯.૦૦ | ૪૩૪.૦૦ |
| ૬ | ચણા (કાબુલી ) | ૧૫ | ૧,૩૮૦.૦૦ | ૧,૪૬૦.૦૦ |
| ૭ | ચણા | ૨૨ | ૯૬૫.૦૦ | ૧,૧૫૮.૦૦ |
| ૮ | મગ | ૩ | ૧,૪૩૦.૦૦ | ૧,૫૬૦.૦૦ |
| ૯ | ગવાર | ૮ | ૯૦૫.૦૦ | ૯૬૩.૦૦ |

મુનિમજી સોફટવેર

રોડ રસ્તા પર લોહીના ભરાયા ખાબોચીયાઃ ગુલમર્ગ સોસાયટી બહાર યુવકની કારપીણ હત્યા

# અમદાવાદમાં શું થવા બેઠું છે? દિન દહાડે યુવકની કારપીણ હત્યા : બહેનની ચીચીયારીઓથી ગુંજયો વિસ્તાર

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડી રહ્યા હોય તેમ દિન દહાડે એક યુવકની કારપીણ હત્યા કરી દેવામાં આવતા ચકચાર મચી જવા પામી છે.

શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઉઠાવતી એક અત્યંત ચોકાવનારી ઘટના બનવા પામી છે.

અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં જાહેર રોડ પર દિન દહાડે એક યુવકની તીક્ષ્ણ હથિયારોના ઘા ઝીકીને હત્યા કરી દેવામાં આવતા ચકચાર મચી જવા પામી છે. સામાન્ય નાગરીકોની નજર સામે જ ખેલાયેલા આ લોહીયાળ ખેલ ને કારણે સમગ્ર પંથકમાં ભારે અરેરાટી અને ફફડાટ વ્યાપી ઉઠયો હતો. ઘટનાને પગલે સ્થાનિક રહીશોના ટોળે ટોળા રોડ ઉપર ઉતરી આવ્યા હતા. જેના કારણે પોલીસ પ્રશાસન દ્વારા તકેદારીના ભાગરૂપે થોડા સમય માટે વાહન વ્યવહાર બંધ કરવાની ફરજ પડી હતી. સ્થાનિક સુત્રો અને પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ મૃતક યુવકની ઓળખ હરેશભાઈ પટણી તરીકે થઈ છે. જે મેઘાણીનગરના લક્ષ્મીનગરનો રહેવાસી હતો, આજે મંગળવારે સવારે ૧૧ વાગ્યાની આસપાસ હરેશ પોતાના ઘરની બહાર નીકળીને રીક્ષામાં બેસી ગુલબર્ગ સોસાયટી પાસે સમય પસાર કરી રહ્યો હતો. તે દરમિયાન અચાનક બે અજાણ્યા શખ્સો ત્યાં ધસી આવ્યા હતા અને હરેશ સાથે કોઈ બાબતે બોલાચાલી શરૂ કરી હતી, જોતજોતામાં આ બોલાચાલી ઉગ્ર બની હતી અને હિંસક સ્વરૂપ ધારણ કરી લીધુ હતું.

સામે આવેલા શખ્સો અચાનક જ તીક્ષ્ણ છરીઓ કાઢીને હરેશને મારવા માટે પાછળ દોડયા હતા અને જાહેર રોડ ઉપર જ તેના પર આડેધડ છરીના ઘા ઝીકી દીધા હતા. હુમલા બાદ લોહી લુહાણ હાલતમાં જીવ બચાવવા માટે હરેશ આગળ દોડયો હતો. પરંતુ ગંભીર ઈજાઓના કારણે શરીરમાં થી લોહી વધુ નીકળી જતા તે અસારવા ગુજરાતી સ્કુલ નજીક, ગુલબર્ગ સોસાયટીની બહાર મુખ્ય માર્ગ પર જ ચકકર ખાઈને ઢળી પડયો હતો. ગંભીર ઈજાઓના કારણે ઘટનાસ્થળે જ તેનુ કરૂણ મોત નિપજયુ હતું.

જાહેર રોડ ઉપર જ ભાઈની નિર્મમ હત્યા કરી દેવામાં આવતા મૃતકની બહેન અને પરીવારજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ભાઈના લોહીલુહાણ મૃતદેહને જોઈને બહેનનુ હૈયાફાટ રૂદન અને આક્રંદ જોઈ ત્યાં હાજર તમામ લોકોની આંખો ભીની થઈ ગઈ હતી. ભારે રોષ અને રોકકળ સાથે પરીવારજનોએ હત્યારાઓને વહેલામાં વહેલી તકે પકડીને ન્યાય અપાવવાની માંગ કરી હતી.

જાહેર માર્ગ પર દિન દહાડે આ પ્રકારે બેખૌફ બનીને હત્યાની ઘટનાને અંજામ આપતા સ્થાનિક પોલીસના પેટ્રોલીંગ સામે પણ ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. ઘટના અંગે કંટ્રોલ રૂમ દ્વારા જાણ કરાતા જ મેઘાણી પોલીસ મથકના ઉચ્ચ અધિકારીઓ સહિતનો મોટો કાફલો તાત્કાલીક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.




પોલીસે રોડ પર જમા થયેલા ટોળાને વિખેરીને પરિસ્થિતિ કાબુમાં લીધી હતી અને વાહન વ્યવહાર પૂર્વવ્રત કરાયો હતો. ત્યારબાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સીવીલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ કારપીણ હત્યા કયા અંગત મનદુઃખ, નાણાંકીય લેવડ દેવડ કે અંગત અદાવતના કારણે કરવામાં આવી છે તેનુ ચોકકસ કારણ હજુ સત્તાવાર રીતે જાણી શકાયુ નથી. મેઘાણીનગર પોલીસે આ મામલે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ચાલતી ટ્રેનમાં ગુંજી કિલકારી! જબલપુર–સોમનાથ એક્સપ્રેસમાં મહિલાએ બાળકને જન્મ આપ્યો, માતા અને નવજાત બંને સુરક્ષિત



ભારતીય રેલ્વેની મુસાફર સેવા અને માનવીય સંવેદનશીલતાનું એક પ્રેરણાદાયક ઉદાહરણ ત્યારે જોવા મળ્યું, જ્યારે ગાડી નંબર ૧૧૪૬૬ જબલપુર–સોમનાથ એક્સપ્રેસમાં મુસાફરી કરી રહેલી એક ગર્ભવતી મહિલાએ ચાલતી ટ્રેનમાં જ સ્વસ્થ બાળકને જન્મ આપ્યો. રેલ્વે કર્મચારીઓની તત્પરતા, સહમુસાફરોના સહયોગ અને વિવિધ વિભાગો વચ્ચેના ઉત્તમ સમન્વયના પરિણામે પ્રસૂતિ સુરક્ષિત રીતે સંપન્ન થઈ. હાલમાં માતા અને નવજાત બંને સ્વસ્થ છે અને વિરમગામની હોસ્પિટલમાં તેમની સારવાર તથા તબીબી દેખરેખ ચાલુ છે.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે તા. ૦૨ જૂન, ૨૦૨૬ના રોજ અમદાવાદથી વેરાવળ જતી એક ગર્ભવતી મહિલા મુસાફર, જે કોચ નંબર જી-૨માં પોતાના પતિ સાથે મુસાફરી કરી રહી હતી, તેને અમદાવાદ સ્ટેશન પરથી ટ્રેન રવાના થયાના થોડા સમય બાદ અચાનક પ્રસૂતિની પીડા શરૂ થઈ. મહિલાના પતિ અને અન્ય મુસાફરો દ્વારા આ અંગેની જાણ ફરજ પરના ટિકિટ નિરીક્ષક (TTE) શ્રી રામજીવન કુમારને કરવામાં આવી. માહિતી મળતાં જ શ્રી રામજીવન કુમારે વિલંબ કર્યા વિના ભાવનગર મંડળના વાણિજ્ય નિયંત્રણ કચેરીને પરિસ્થિતિથી અવગત કરાવી અને તાત્કાલિક રેલ્વેની બેડશીટ ઉપલબ્ધ કરાવી. આ દરમિયાન ચાંદલોડિયા સ્ટેશન પસાર થયા બાદ પ્રસૂતિની પીડા વધુ વધતાં કોચમાં હાજર મહિલા સહમુસાફરોએ અત્યંત સંવેદનશીલતા અને સાહસ દર્શાવી ગર્ભવતી મહિલાને મદદ કરી. તેમના સહયોગથી ચાલતી ટ્રેનમાં જ સુરક્ષિત પ્રસૂતિ કરાવવામાં આવી અને મહિલાએ એક સ્વસ્થ બાળકને જન્મ આપ્યો. ઘટનાની જાણ થતાં જ રેલ્વે પ્રશાસને જરૂરી તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરી. વિરમગામ સ્ટેશન પર પૂર્વ આયોજન મુજબ તબીબી સહાયતા અને એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવામાં આવી હતી. મહિલાના પતિની સંમતિ મળ્યા બાદ માતા અને નવજાતને સુરક્ષિત રીતે ટ્રેનમાંથી ઉતારી એમ્બ્યુલન્સ મારફતે વિરમગામની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. તબીબોની તપાસ બાદ જણાવાયું કે માતા અને નવજાત બંનેની સ્થિતિ સામાન્ય અને સ્વસ્થ છે. સમગ્ર ઘટનાક્રમ દરમિયાન ફરજ પરના TTE શ્રી રામજીવન કુમારે માનવીય સંવેદનશીલતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતાં મહિલા અને તેના પરિવારજનો માટે જરૂરી તમામ મદદ ઉપલબ્ધ કરાવી તેમજ ચા-પાણીની વ્યવસ્થા પણ કરાવી. તેમની તત્પરતા અને કર્તવ્યનિષ્ઠાની મુસાફરો દ્વારા પ્રશંસા કરવામાં આવી.

મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ આ સરાહનીય કાર્ય માટે સંબંધિત કર્મચારીઓ, ખાસ કરીને ફરજ પરના TTE શ્રી રામજીવન કુમાર તથા સહયોગ આપનાર મહિલા મુસાફરોની પ્રશંસા કરી. તેમણે જણાવ્યું કે રેલ્વે માત્ર મુસાફરોને તેમના ગંતવ્યસ્થાને પહોંચાડવાનું માધ્યમ જ નથી, પરંતુ જરૂરિયાતના સમયે તેમની સાથે ઉભી રહેતી એક સંવેદનશીલ સંસ્થા પણ છે. તેમણે કર્મચારીઓને ભવિષ્યમાં પણ આ જ રીતે મુસાફરોની મદદ અને સેવા માટે હંમેશા તત્પર રહેવા પ્રોત્સાહિત કર્યા. મુસાફર પરિવારએ રેલ્વે પ્રશાસન, ફરજ પરના સ્ટાફ તથા સહયોગ આપનાર સહમુસાફરો પ્રત્યે આભાર વ્યક્ત કરતાં તેમની ત્વરિત મદદ અને માનવીય વ્યવહારની પ્રશંસા કરી.

# ભારત-અમેરિકા કૃષિ સહકારને નવી દિશા આપવા માટે ઈફકોના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીના નેતૃત્વ હેઠળ મહત્વપૂર્ણ સંવાદ યોજાયો



વોશિંગ્ટન ડી.સી. સ્થિત U.S.-India Business Council (USIBC) દ્વારા ઈફકોના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીના નેતૃત્વ હેઠળ આવેલા PHDCCI પ્રતિનિધિમંડળનું યજમાનપદ સ્વીકારવામાં આવ્યું હતું, જે આ બેઠકના મહત્વ અને પ્રભાવને સ્પષ્ટ રીતે દર્શાવે છે. બેઠક પૂર્ણ થયા બાદ USIBC એ પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા મંચ પર આ સંવાદને ભારત-અમેરિકા કૃષિ સહકારને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ તરીકે ગણાવ્યો.

USIBC એ પોતાના સંદેશમાં જણાવ્યું હતું કે શ્રી દિલીપ સંઘાણીના નેતૃત્વ હેઠળ થયેલા વિચારવિમર્શે કૃષિ ક્ષેત્રમાં ભારત અને અમેરિકા વચ્ચેના સહકારને નવી ગતિ આપવા, સામૂહિક પડકારોના ઉકેલ શોધવા તથા ઉભરતી તકો પર અર્થપૂર્ણ ચર્ચા માટે માર્ગ મોકળો કર્યો છે. પરિષદે ખાસ કરીને નવીનતા આધારિત કૃષિ નીતિઓ, ટકાઉ કૃષિ વિકાસ, ખાદ્ય સુરક્ષા અને ખેડૂતોની સમૃદ્ધિ માટે બંને દેશો વચ્ચે મજબૂત ભાગીદારીની જરૂરિયાત પર ભાર મૂક્યો.

આ નોંધપાત્ર છે કે અમેરિકાની પ્રતિષ્ઠિત ઉદ્યોગ અને વેપાર સંસ્થા USIBC દ્વારા આ બેઠકને જાહેર રીતે વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે, જે ભારતીય સહકારી આંદોલનની વધતી વૈશ્વિક સ્વીકાર્યતા, ઈફકોની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા તેમજ શ્રી દિલીપ સંઘાણીના નેતૃત્વ હેઠળ ભારતીય ખેડૂતોના હિતોને વૈશ્વિક મંચો પર અસરકારક રીતે રજૂ કરવાની ક્ષમતાનું પ્રમાણ છે.

બેઠક દરમિયાન કૃષિ ઉત્પાદકતા વધારવા, અદ્યતન કૃષિ ટેકનોલોજીના ઉપયોગ, જમીનના આરોગ્યમાં સુધારો, ખેડૂતોને ટેકનિકલ સહાય પૂરી પાડવા, નવીનતા આધારિત કૃષિ ઉકેલો વિકસાવવા તેમજ ખાદ્ય અને પોષણ સુરક્ષાને વધુ મજબૂત બનાવવા જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. બંને દેશોના કૃષિ નિષ્ણાતો, નીતિ નિર્માતાઓ અને ઉદ્યોગ પ્રતિનિધિઓએ સહમતી વ્યક્ત કરી કે ભારત અને અમેરિકા વચ્ચે વધતો સહકાર કૃષિ ક્ષેત્રમાં નવી તકોના દ્વાર ખોલશે અને ખેડૂતોને લાંબા ગાળાનો લાભ પહોંચાડશે. શ્રી દિલીપ સંઘાણીના નેતૃત્વ હેઠળ યોજાયેલ આ સંવાદ ભારત-અમેરિકા કૃષિ ભાગીદારીને નવી દિશા આપવા, સહકારિતા આધારિત કૃષિ વિકાસને વૈશ્વિક સ્તરે નવી ઓળખ અપાવવા તથા ખેડૂતોની આવક, ઉત્પાદકતા અને કૃષિ સુરક્ષાને વધુ મજબૂત બનાવવા તરફનું એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે.

# કોઠગાંગડ ગામ નજીક રેલવે દ્વારા રેકોર્ડ સમયમાં નિર્મિત જળનિકાસ માળખાથી ગ્રામજનોને મળશે મોટી રાહત




જનસમસ્યાઓના નિવારણ માટેની પોતાની સતત પ્રતિબદ્ધતા અંતર્ગત પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળે મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માના માર્ગદર્શન હેઠળ સાબરમતી–બોટાદ રેલખંડ પર કોઠગાંગડ ગામ નજીક કિમી ૭૬/૬-૭ ખાતે ૨ મીટર × ૨ મીટર કદના આર.સી.સી. બોક્સ બ્રિજ (જળમાર્ગ)નું નિર્માણ અને સ્થાપન કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. આ મહત્વપૂર્ણ કાર્ય માત્ર બે મહિનાના રેકોર્ડ સમયમાં પૂર્ણ કરવામાં આવ્યું છે.

તા. ૦૧ જૂન ૨૦૨૬ના રોજ ૨૦૦ ટન ક્ષમતાવાળી ક્રેનની મદદથી બોક્સ બ્રિજનું સલામત અને ચોકસાઈપૂર્વક સફળતાપૂર્વક ઈન્સર્શન (સ્થાપન) કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં વિસ્તારમાં જળનિકાસ વ્યવસ્થામાં નોંધપાત્ર સુધારો થશે તેમજ ચોમાસા દરમિયાન વરસાદી પાણીના સરળ અને અવરોધરહિત પ્રવાહને સુનિશ્ચિત કરી શકાશે.

ગત અનેક વર્ષોથી કોઠગાંગડ ગામ તથા પાંજરાપોળ વિસ્તારમાં વરસાદી ઋતુ દરમિયાન પાણી ભરાવાની સમસ્યા સર્જાતી હતી, જેના કારણે ગ્રામજનો તથા પશુપાલકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. સ્થાનિક પ્રતિનિધિઓની માંગને અનુરૂપ નિર્માણ કરાયેલ આ નવા ૨ મીટર × ૨ મીટર કદના જળનિકાસ માર્ગ દ્વારા વરસાદી પાણીની નિરાંતે નિકાસ શક્ય બનશે અને પાણી ભરાવાની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો થશે. ભાવનગર મંડળ દ્વારા સમયબદ્ધ આયોજન, તકનીકી કુશળતા અને સમર્પિત પ્રયાસોથી પૂર્ણ કરવામાં આવેલ આ પ્રોજેક્ટ રેલવેની જનહિત તથા પ્રાદેશિક વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ છે.

આ કાર્ય માત્ર રેલવેની આધારભૂત સુવિધાઓને વધુ મજબૂત બનાવશે એટલું જ નહીં, પરંતુ આસપાસના ગ્રામ્ય વિસ્તારોના રહેવાસીઓના જીવનને વધુ સુગમ અને સુરક્ષિત બનાવવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# હિંમતનગર ધાણધા ફાટકે ૧૦૦ કરોડના ખર્ચે બનનારો ઓવરબ્રિજ: બ્રિજ ને લઈ ચાલતી તડામાર તૈયારી

પ્રતિનિધિ,ગાંધીનગર

હિંમતનગર અંબાજી હાઈવે પર મહેતાપુરા નજીક ધાણધા રેલ્વે ફાટક પર રાજય સરકાર દ્વારા મંજુર કરાયેલા અંદાજીત રૂપીયા ૧૦૦ કરોડના ખર્ચે નિર્માણ પામનારા ઓવરબ્રિજ પ્રોજેકટની હાલની સ્થિતિ તેમજ ટ્રાફીક વ્યવસ્થાને લઈને અધિકારીઓએ સ્થળ નિરીક્ષણ કર્યુ હતું.

મળતી માહિતી મુજબ હિંમતનગર થી ઈડર જતા રોડ પર મહેતાપુરા વિસ્તારમાંથી પસાર થતી રેલ્વે લાઈન પર અવાર નવાર વાહન ચાલકો તથા રાહદારીઓને ટ્રેન અવર જવર કરે ત્યારે લાંબો સમય સુધી ઉભા રહેવુ પડે છે. જે સંદર્ભે હિંમતનગર વાસીઓની રજુઆત અને સગવડનો ધ્યાનમાં લઈ રાજય સરકાર સમક્ષ કરેલી રજુઆત બાદ અંદાજે ૧૦૦ કરોડના ખર્ચે ઓવરબ્રિજ બનાવવાનુ નકકી કરાયુ છે. જે સંદર્ભે માર્ગ મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર, નાયબ કાર્યપાલક ઈજનેર તથા માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ સાથે નકશા આધારીત વિગતવાર ચર્ચા વિચારણા કરાઈ હતી. બ્રિજના નિર્માણકાર્ય દરમિયાન અંબાજી માર્ગ તરફ જતા વાહન વ્યવહારને સુચારૂ રાખવા માટેના વિવિધ વિકલ્પો અને આયોજન અંગે ચર્ચા કરવામાં આવી હતી. અધિકારીઓએ પ્રોજેકટના ટેકનીકલ પાસાઓ, ટ્રાફીક ડાયવર્ઝન, સુરક્ષા વ્યવસ્થા તેમજ કામગીરી વહેલી તકે શરૂ કરી શકાય તે માટેની જરૂરી પ્રક્રિયાઓ અંગે માહિતગાર કર્યા હતા. પ્રોજેકટને ગતિ આપવા અંગે લોકોની મુશ્કેલીઓ ઓછામાં ઓછી રહે તે અંગે વિચારણા કરવામાં આવી હતી.

ઉપરાંત એનજી સર્કલ થી હાથમતી નદી ઉપર નિર્માણ પામેલા નવા બ્રિજને વહેલી તકે કાર્યરત કરવા બાબતે પણ અધિકારીઓએ ચર્ચા કરી હતી.

# અમદાવાદમાં સ્ટેટ જીએસટીનો સપાટો: રાજસ્થાનની ખાનગી લકઝરી બસમાંથી ૧૨૦ કિલો ચાંદી અને ૭૦૦ ગ્રામ સોના સહિત ૪.૨૫ કરોડનો મુદ્દામાલ જપ્ત

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ




સ્ટેટ જીએસટી (રાજય વેરા ખાતા) ની મોબાઈલ સ્કવોડ ટીમે અમદાવાદમાં અત્યાર સુધીની સૌથી મોટી અને ચોકાવનારી કાર્યવાહી કરી છે. યોગ્ય દસ્તાવેજો વિના ગેરકાયદેસર રીતે પરીવહન કરવામાં આવી રહેલા કરોડો રૂપીયાના કિંમતી મુદ્દામાલને અધિકારીઓએ ઝડપી લીધો છે. અગાઉથી મળેલી ચોકકસ બાતમીના આધારે મોબાઈલ સ્કવોડની ટીમે અમદાવાદના નારોલ વિસ્તાર પાસે વોચ ગોઠવી હતી અને અન્ય રાજયોમાંથી આવતી ખાનગી લકઝરી બસોનુ સઘન ચેકીંગ હાથ ધર્યુ હતું.

આ ચેકીગ દરમિયાન રાજસ્થાનમાંથી આવેલી એક ખાનગી લકઝરી બસને અટકાવી તેની ડેકી ની તપાસ કરતા અધિકારીઓ પણ ચોકી ઉઠયા હતા. બસની ડેકીમાંથી આશરે ૧૨૦ કિલો ચાંદી, ૭૦૦ ગ્રામ સોનુ તેમજ ૩ કિલો જેટલા કિંમતી પથ્થરોનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

પ્લાસ્ટીકના થેલામાં છુપાવીને રાખવામાં આવેલા આ માલ સામાનના પરીવહન માટે બસ ચાલક કે અન્ય કોઈ પાસે જરૂરી કાયદેસરના દસ્તાવેજો ન હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર આ જપ્ત કરાયેલા કુલ જથ્થાની અંદાજીત બજાર કિંમત રૂપીયા ૪.૨૫ કરોડ જેટલી થવા જાય છે. તપાસમાં બહાર આવ્યુ છે કે રાજસ્થાનની લકઝરી બસ દ્વારા આ કરોડોનો મુદ્દામાલ અમદાવાદ લાવવામાં આવ્યો હતો અને અમદાવાદ થી તેને નાના વાહનોમાં ભરીને આગળ અલગ અલગ જગ્યાએ મોકલવાની યોજના હતી. જો કે તે અગાઉ જ જીએસટી ની ટીમે આ નેટવર્કનો પર્દાફાશ કરી દીધો હતો. હાલમાં આ જથ્થો કયાં જવાનો હતો અને આની પાછળ કયા મોટા વેપારીઓ સામેલ છે , તે દિશામાં કરચોરીના એંગલથી જીણવટભરી તપાસ શરૂ કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્ટેટ જીએસટી અને સુરક્ષા એજન્સીઓ સતત આવા કિસ્સાઓ પર નજર રાખી રહી છે. આ અગાઉ પણ જીએસટી વિભાગે ગીતામંદિર વિસ્તારમાંથી બસ મારફતે લઈ જવાતુ ૧૦૦ કિલો ચાંદી ઝડપી પાડયુ હતું. આ ઉપરાંત ૧૭ મે ૨૦૨૬ ના રોજ સેન્ટ્રલ આઈબીના ઈનપુટ ના આધારે ગુજરાત એટીએસે હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ગુપ્ત ઓપરેશન કરીને વારાણસી થી વાયા મુંબઈ થઈને રાજકોટ આવેલી રૂપીયા ૫ કરોડની કિંમતની ૧૮૦ કિલો ચાંદી જપ્ત કરી હતી. જેમાં હાલ ૩ વેપારીઓની પુછપરછ ચાલી રહી છે. આ એકશન બાદ રાજય વેરા ખાતાના ઉચ્ચ અધિકારીઓએ જણાવ્યુ હતુ કે ટેક્ષ ચોરી કરીને ગેરકાયદેસર રીતે થતા માલ પરીવહન સામે આવી કડક કાર્યવાહી આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે. રાજયમાં કરચોરી અટકાવવા માટે જીએસટી વિભાગ સંપૂર્ણ રીતે કટીબધ્ધ છે અને શંકાસ્પદ હિલચાલ ધરાવતા તમામ રૂટસ પર વોચ વધારી દેવામાં આવી છે.

# સૌરાષ્ટ્ર પર જળસંકટના ઘેરા વાદળો: ૫ જિલ્લાના ૨૬ જળાશયોના તળીયા દેખાયા: સરેરાશ માત્ર ૨૨ ટકા પાણી બચ્યું

પ્રતિનિધિ,ગાંધીનગર




હવામાન ખાતા દ્વારા ચાલુ વરસે ચોમાસુ નબળુ રહેવાની અને દુષ્કાળ પડવાની દહેશત વ્યકત કરવામાં આવી છે. ત્યારે સૌરાષ્ટ્ર વાસીઓ માટે ચિંતા ઉપજાવે તેવા અહેવાલ બહાર આવ્યા છે.

સિંચાઈ વિભાગના ફલર્ડ કંટ્રોલરૂમ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ જુન માસની શરૂઆતમાં જ રાજકોટ સહિત ૫ જિલ્લાના જળાશયોમાં પાણીની સ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે. રાજકોટ, મોરબી, જામનગર, દ્વારકા અને સુરેન્દ્રનગર જિલ્લાના કુલ ૮૧ જળાશયોમાં પાણીનુ સ્તર ભયજનક રીતે ઘટી ગયુ છે. આ પાંચેય જિલ્લાના કુલ ૮૧ જળાશયોમાં મળીને હાલ સરેરાશ માત્ર ૨૨.૪૮ ટકા જળ જથ્થો બચ્યો છે. પરિસ્થિતિ એટલી વિકટ છે કે ૮૧ પૈકી ૨૬ જળાશયો સંપૂર્ણપણે સુકાઈ ગયા છે. આ ઉપરાંત ૩૪ જળાશયો તો એવા છે જેમાં પાણીનુ સ્તર ૧૦ ફુટ થી પણ ઓછુ રહી ગયુ છે. અને તેમાં કાંકરા ઉડી રહ્યા છે, રાજકોટ શહેરને પાણી પુરૂ પાડતા મુખ્ય ડેમ આજી-૧ અને ન્યારી-૧ માં પણ માત્ર જુલાઈ મહિના સુધી ચાલે તેટલુ જ પાણી ઉપલબ્ધ છે.

દ્વારકા જિલ્લાના ૧૨ જળાશયોમાં સરેરાશ માત્ર ૪.૯૧ ટકા જ પાણી છે, જેમાં સાની વર્તુ -૧, ગઢકી, વર્તુ-૨, સોનમતી, સેઢા ભાડથરી, સીંધણી, કાબરકા એમ ૭ જળાશયો ૦ લેવલે છે. જયારે ઘી ડેમ, વેરાડી-૧, મીણસાર એમ ૩ જળાશયોમાં ૧૦ ફુટ થી પણ ઓછુ પાણી છે. માત્ર ૨ જળાશયોમાં જ પાણી બચ્યુ છે. તો બીજી તરફ જામનગર જિલ્લામાં કુલ ૨૧ જળાશયોમાં સરેરાશ ૧૮.૧૨ ટકા પાણી બચ્યુ છે. જામનગર જિલ્લાના ૮ જળાશયો સંપૂર્ણ ખાલી છે, જયારે સપડા, ફુલજર-૨, વિજરખી, ડાઈમીણસાર વગેરે જેવા કુલ ૯ ડેમમાં ૧૦ ફુટ થી પણ ઓછુ પાણી છે. તો બીજી તરફ સુરેન્દ્રનગર જિલ્લાના કુલ ૧૧ જળાશયોમાં ૧૯.૪૪ ટકા જળ જથ્થો છે. સુરેન્દ્રનગર જિલ્લાના નાયકા, લીબડી, ભોગાવો સહિતના ૫ જળાશયોમાં ૧૦ ફુટ થી પણ ઓછુ પાણી છે અને અન્ય ૭ જળાશયો ૦ લેવલે પહોચી ગયા છે. તો બીજી તરફ મોરબી જિલ્લાના કુલ ૧૦ જળાશયોમાં ૩૧.૫૮ ટકા પાણી છે, ઘોડાધ્રોઈ ડેમમાં બિલકુલ પાણી નથી, જયારે ડેમી-૧ અને બ્રાહ્મણી-૨ માં ૧૦ ફુટ થી પણ ઓછુ પાણી છે. તો બીજી તરફ રાજકોટ જિલ્લાના કુલ ૨૭ જળાશયોમાં ૩૬.૧૮ ટકા પાણી છે. વધુમાં છાપરવડી-૧ અને ૨, ઈશ્વરીયા, કરમાળ, ગોંડલી એમ અન્ય જળાશયો સાવ સુકાઈ ગયા છે. આ ઉપરાંત ૧૦ જેટલા જળાશયોમાં ૧૦ ફુટ થી પણ ઓછુ પાણી છે. ચોમાસાની શરૂઆત પહેલા જ સિંચાઈ વિભાગ દ્વારા જાહેર કરાયેલા આ સત્તાવાર આંકડા દર્શાવે છે કે જો આગામી દિવસોમાં સારો વરસાદ નહી પડે તો સૌરાષ્ટ્ર ના આ ૫ જિલ્લાઓમાં પીવાના પાણી અને સિંચાઈ માટે ભયંકર હાલાકીનો સામનો કરવો પડી શકે છે.

# હિંમતનગર નગરપાલિકાની સામાન્ય સભામાં વિવિધ સમિતિઓની રચના કરાઈ: ભાજપના એક સદસ્યએ બળાપો કાઢી વિરોધ દર્શાવ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



હિંમતનગર નગરપાલિકાની ગઈ કાલે ટાઉનહોલમાં મળેલી સામાન્ય સભામાં કારોબારી સહિત અન્ય વિવિધ સમિતિઓની જાહેરાત કરવામાં આવી હતી. સામાન્ય સભામાં વિવિધ સમિતિઓની રચનાની જાહેરાત દરમિયાન નારાજ થયેલા સદસ્યએ સામાન્ય સભામાં બળાપો વ્યકત કરી સામાન્ય સભામાં ઉભા થઈને વિરોધ નોંધાવ્યો હતો. નારાજ થયેલા સદસ્યએ આરટીઆઈ હેઠળ માહિતી મેળવી પાલિકામાં ચાલતા ભ્રષ્ટાચારની પોલ ખોલવાની ધમકી આપી દેતા મામલો ગરમાયો હતો. પાલિકા પ્રમુખ અરૂણાબેન કડીયા તથા ચીફ ઓફીસર ઉપેન્દ્ર ગઢવીની ઉપસ્થિતિમાં ગઈ કાલે સાંજે ટાઉનહોલ માં યોજાયેલી પ્રથમ સામાન્ય સભામાં કારોબારી, બાંધકામ, સ્વચ્છ ભારત, નગર આયોજન, પાણી પુરવઠા, આરોગ્ય, વાહન વિભાગ, દિવાબત્તી, ગટર યોજના, બગીચા, સ્ટાફ, સીટી બસ, ગુમાસ્તાધારા, ટાઉનહોલ, લીગલ, વસુલાત, સમાજ કલ્યાણ, લાઈબ્રેરી, દબાણ અને ફાયર સમિતિની રચના કરાઈ હતી. આ દરમિયાન સદસ્ય ગોવિંદસિંહ રાઠોડે સમિતિઓની રચના અંગે નારાજગી વ્યકત કરીને ચાલુ સામાન્ય સભામાંથી ઉભા થઈ વિરોધ નોંધાવ્યો હતો. ત્યારબાદ નગરપાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓ તથા કર્મચારીઓ પર વિવિધ મુદ્દે આક્ષેપ કરીને વિવાદ ઉભો કર્યો હતો. તેમણે રોષ પૂર્વક જણાવ્યુ હતુ કે નગરપાલિકામાં શું ચાલી રહ્યુ છે તેની વિગતો જાહેર કરવા માટે જરૂર પડે હું આરટીઆઈ કરીને વિગતો બહાર લાવીશ, આમ પ્રથમ સામાન્ય સભામાં સીનીયર નગરસેવક ગોવિદસિંહ રાઠોડે બળાપો ઠાલવ્યો હતો. ત્યારે આગામી દિવસોમાં નગરપાલિકાના નવા ચુંટાયેલા ચેરમેનો અને સદસ્યોએ વહિવટમાં પારદર્શકતા દાખવી પ્રજાના કામો કરવા પડશે.

# પ્રથમ વરસાદમાં AMCની ખુલી પોલ: કોન્ટ્રાક્ટરનું નબળું કામ, જોધપુર પાસે રસ્તામાં ફસાયો ટ્રક

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરમાં ચોમાસાના પ્રથમ વરસાદના આગમનની સાથે જ પ્રી-મોન્સૂન કામગીરીના ધજાગરા ઉડ્યા છે. શહેરના જોધપુર વિસ્તાર પાસેથી પસાર થઈ રહેલો એક મોટો ટ્રક અચાનક રસ્તાની વચ્ચે જ ફસાઈ જતાં વાહનચાલકોમાં ભારે અફડાતફડી મચી ગઈ હતી. આ ઘટનાને પગલે કોર્પોરેશનના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની મિલીભગત સામે સ્થાનિક લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. જોધપુર વિસ્તારના જે મુખ્ય માર્ગ પર આ ઘટના બની, ત્યાં થોડા દિવસ પૂર્વે જ તંત્ર દ્વારા સમારકામનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. કામગીરી પૂર્ણ થયા બાદ કોન્ટ્રાક્ટરે યોગ્ય મજબૂતીકરણ કર્યા વિના જ અત્યંત કાચું કામ કરીને આ રસ્તો વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકી દીધો હતો. પ્રથમ વરસાદમાં જ રસ્તો ભીનો થતાં અને જમીન પોચી પડતાં, ત્યાંથી પસાર થતો ભારેભરખમ ટ્રક કાદવ અને બેસી ગયેલા રોડમાં ઊંડે સુધી ખૂંપી ગયો હતો.સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, થોડા દિવસ પહેલા જ આ જગ્યાએ કામ ચાલુ હોવાના કારણે ટ્રાફિક ડાયવર્ઝન આપવામાં આવ્યું હતું. ડાયવર્ઝન પૂરું થયા બાદ લોકોને આશા હતી કે, રસ્તો સારો બની ગયો છે, પરંતુ પ્રથમ વરસાદે જ કોન્ટ્રાક્ટરના લોલંલોલ કામની પોલ ખોલી નાખી છે.

રસ્તાઓ પર આવા જીવલેણ ખાડા અને ભુવા પડવાના કારણે વાહનચાલકોના જીવ જોખમમાં મુકાયા છે. સ્માર્ટ સિટી અમદાવાદના રસ્તાઓની આ દયનીય સ્થિતિ જોઈને નાગરિકો હવે સોશિયલ મીડિયા પર પણ તંત્રની આકરી ટીકા કરી રહ્યા છે.

# શું નશીલા પદાર્થોની હેરાફેરીનું સૌથી મોટું કેન્દ્ર બની રહ્યું છે ગુજરાત?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ગુજરાત સામેનો સૌથી મોટો પડકાર તેનો વિશાળ દરિયાકિનારો છે. તેથી આ લાંબા કિનારા પર કાર્યરત મોટી સંખ્યામાં નોંધાયેલા નાના જહાજો અને બોટો પર દેખરેખ રાખવા માટે એક મજબૂત તંત્ર સ્થાપિત કરવું અત્યંત જરૂરી છે. વ્યાપારી અને સુરક્ષા બંને દ્રષ્ટિકોણથી આ દરિયા કિનારો એક સંવેદનશીલ ક્ષેત્ર છે. આમ સરહદ પારની દાણચોરી ધ્વારા દેશભરમાં માદક દ્રવ્યોના નશાનું નેટવર્ક ફેલાવતી સંગઠિત સિન્ડીકેટ્સની આસપાસ સકંજો સખત કરવાની તાત્કાલિક જરૂર છે.

કારણ કે દેશમાં ગેરકાયદેસર માદક દ્રવ્યોનો વધતો જતો વેપલો એક ગંભીર સમસ્યા તરીકે ઊભરી આવ્યો છે. તેનો વ્યાપ ઝડપથી ફેલાઈ રહ્યો છે. આ દુષણ મોટા શહેરોથી દૂરના ગામડાઓ સુધી ફેલાયેલુ છે. બીજુ વિદેશથી જમીન અને દરિયાઈ માર્ગો બંને દ્વારા મોટા પાયે માદક દ્રવ્યોની દાણચોરી સતત ચાલુ છે.

તાજેતરમાં કોસ્ટ ગાર્ડ અને ગુજરાત આતંકવાદ વિરોધી ટુકડી (ATS)એ એક સંયુક્ત કાર્યવાહીમાં આપણા કચ્છના મુન્દ્રા દરિયા કાંઠે એક જહાજમાંથી આશરે રૂપિયા ૧૧૫૦ કરોડના માદક દ્રવ્યો જપ્ત કર્યા છે ત્યારે પ્રશ્ન એ છે કે ,વધુ ગુજરાત વધુ ને વધુ માદક દ્રવ્યોનું પરિવહન કેન્દ્ર કેમ બની રહ્યું છે?

છેલ્લા કેટલાક વર્ષોથી રાજ્યમાં સુરક્ષા દળો આવી ગેરકાયદેસર પ્રવૃતિઓનો સામનો કરવા માટે સતત કામગીરી ચલાવી રહ્યા છે. આટલા પ્રયાસો છતાં જો દરિયાઈ માર્ગો ધ્વારા માદક દ્રવ્યોની દાણચોરી પર કોઈ કાબૂ નથી, તો તેના મૂળ કારણો શું હોઈ શકે? આખરે, સુરક્ષા એજન્સીઓ દરિયાઈ માર્ગે આટલા મોટા જથ્થામાં માદક દ્રવ્યોની દાણચોરી અને દેશના વિવિધ ભાગોમાં તેનું વિતરણ કરવા માટે જવાબદાર મુખ્ય ગુનેગારોને કેમ પકડી શકતી નથી?

કેમકે એવું જણાઈ રહ્યું છે કે છેલ્લા પાંચેક વર્ષોથી જે રીતે ગુજરાતના દરિયાકાંઠે સતત કેફી દ્રવ્યો પકડાઈ રહ્યા છે તે બતાવે છે કે અહીંયા તેની હેરાફેરી સતત જારી છે. જ્યાં સુધી આ ડ્રગ્સ માફિયાઓના નેટવર્કને ટોચથી લઈને તળિયા સુધી ઝેર (જડમૂળથી પકડવામાં) કરવામાં નહીં આવે ત્યાં સુધી આ મોતના સોદાગરો આપણા દેશને કેફી દ્રવ્યોના ઝેર (પોઈઝન) થી તબાહ કરતા રહેશે. દેશનો વિકાસ તો થતો જ રહેશે પણ દેશને વિનાશ તરફ દોરી રહેલા દુષ્ટ તત્વોને ઓળખીને તાત્કાલિક નાબૂદ કરવા બહુ જ જરૂરી છે.

# મંદીનો લાગ્યો ગ્રહઃ સતત ત્રીજા મહિને દસ્તાવેજ નોંધણીમાં ઘટાડોઃ માર્ચ મહિનામાં ૧૪૪૭૦, એપ્રિલ મહિનામાં ૧૪૦૫૦ દસ્તાવેજ નોંધાયા બાદ મે મહિના માં ૧૩૯૩૫

પ્રતિનિધિ,ગાંધીનગર

વૈશ્વિક યુદ્ધ પરિસ્થિતિ વચ્ચે સતત વધી રહેલા ઈંધણના ભાવની અસર લોકોની ખરીદ શકિત પર પડી રહી છે અને મોંઘવારીએ માઝા મુકતા સીધી અસર રીયલ એસ્ટેટ માર્કેટમાં જોવા મળી છે.



રાજકોટ શહેર અને જિલ્લાની વિવિધ સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણીઓમાં સતત ત્રીજા મહિને ઘટાડો જોવા મળ્યો છે. સરકારી ડેટા અનુસાર માર્ચ મહિનામાં ૧૪૪૭૦ દસ્તાવેજ નોંધાયા હતા. એપ્રિલ મહિનામાં ૧૪૦૫૦ દસ્તાવેજ નોંધાયા બાદ મે મહિનામાં માંડ ૧૩૯૩૫ દસ્તાવેજ નોંધાયા છે. જયારે મે મહિનામાં રજીસ્ટ્રેશન ફી પેટે કુલ ૧૨.૬૯ કરોડ અને સ્ટેમ્પ ડયુટી પેટે ૭૪.૫૭ કરોડની આવક નોંધાઈ છે. રાજકોટ શહેરના મવડી, મોરબી રોડ વગેરે વિસ્તારમાં તેજી નો માહોલ જોવા મળી રહ્યો છે. મોરબી રોડ સબ કચેરી ખાતે ૯૨.૮૪ કરોડની આવક નોંધાઈ હતી. જયારે મવડી વિસ્તારમાં ૧૪૪૨ દસ્તાવેજની નોંધણી થઈ હતી. રાજકોટ જિલ્લાના ૧૮ સબ રજીસ્ટ્રાર કચેરીઓના આંકડા પ્રમાણે લોધીકામાં ૫૮૨, કોટડા સાંગાણીમાં ૪૬૬, રાજકોટ ૫, મૌવા માં ૭૮૪, રાજકોટ ૬ મવડીમાં ૧૪૪૨, જસદણમાં ૫૦૦, રાજકોટ ૭, કોઠારીયામાં ૮૯૪, રાજકોટ ૮, રૂડા માં ૮૮૨ , રાજકોટ ૩ રતનપરમાં ૧૧૮૦, જેતપુરમાં ૭૪૫, ઉપલેટામાં ૫૧૦, ધોરાજીમાં ૩૩૭, ગોંડલમાં ૧૨૪૮, રાજકોટ ૧ માં ૮૨૭, રાજકોટ ૪ રૈયામાં ૧૦૩૨, રાજકોટ ૨ મોરબીમાં ૧૭૨૦, પડધરીમાં ૨૮૧, જામખંભળીયામાં ૧૨૬, રાજકોટ વિંછીયામાં ૧૦૯ દસ્તાવેજ નોંધાયા છે.

# અમદાવાદમાં બિસ્કિટના બોક્ષની આડમાં કરોડોના ડ્રગ્સની હેરાફેરીઃ અમદાવાદમાં મુંબઈનો શખ્સ રૂ.૧૪.૧૬ કરોડના એમડી ડ્રગ્સ સાથે ઝડપાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



અમદાવાદની નરોડા પોલીસે કરોડો રૂપીયાની કિંમતનુ અને આંતરરાષ્ટ્રીય લીંક ધરાવતુ મેથામ્ફેટામાઈન (એમડી) ડ્રગ્સ ઝડપી પાડીને રાજયમાં ડ્રગ્સ માફીયાઓના નેટવર્કને મોટો ફટકો આપ્યો છે. પોલીસે નાના ચીલોડા સર્કલ નજીક સચોટ વોચ ગોઠવીને બિસ્કિટના બોક્ષની આડમાં ડ્રગ્સની હેરાફેરી કરી રહેલા મુંબઈના એક શાતીર શખ્સને અંદાજે ૭ કિલોથી વધુના ડ્રગ્સના જથ્થા સાથે રંગે હાથ ઝડપી લીધો છે. આ ડ્રગ્સની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત ૧૪.૧૬ લાખ કરોડ રૂપીયા જેવી થવા જાય છે.

મળતી માહિતી અનુસાર નરોડા પોલીસની ટીમની એક ગુપ્ત અને ચોકકસ બાતમી મળી હતી કે એક શખ્સ ભારે માત્રામાં નશીલા પદાર્થ સાથે અમદાવાદમાં પ્રવેશવાનો છે, આ બાતમીના આધારે પોલીસે તાત્કાલીક એકશનમાં આવીને નાના ચીલોડા ગરનાળા પાસેથી પસાર થઈ રહેલા એક શખ્સને આંતરીને તેની તલાશી લીધી હતી. પોલીસની સઘન તપાસ દરમિયાન પકડાયેલા આરોપીની ઓળખ મોહમદ સાજીદ શેખ તરીકે થઈ હતી, જે મુળ મુંબઈનો રહેવાસી છે અને ડ્રગ્સ કેરીયર તરીકે કામ કરતો હતો. પોલીસ અધિકારીઓએ જયારે આરોપી સાજીદ શેખ પાસે રહેલી કાળા રંગની ટ્રાવેલ બેગની તલાશી લીધી ત્યારે તેઓ પણ ચોકી ઉઠયા હતા. આ બેગમાંથી બિસ્કિટના ૫ મોટા ફેન્સિ બોક્ષ મળી આવ્યા હતા. પ્રથમ દ્રષ્ટીએ સામાન્ય લાગતા આ બોક્ષની અંદર ખાવાના સામાનના બદલે અત્યંત ઘાતક ગણાતા મેથામ્ફેટામાઈન (એમડી)ડ્રગ્સનો પાવડર અને નાના મોટા ટુકડા છુપાવવામાં આવ્યા હતા.

પોલીસે તાત્કાલીક એફએસએલની ટીમની મદદ લઈને તપાસ કરાવતા આ જથ્થો શુધ્ધ કવોલીટીનુ એમડી ડ્રગ્સ હોવાનુ પ્રમાણિત થયુ હતું. પોલીસની પ્રાથમિક અને આકરી પુછપરછમાં ડ્રગ્સના આ આંતરરાષ્ટ્રીય નેટવર્કનો ચોકાવનારો ઘટસ્ફોટ થયો હતો. આરોપીએ ગુન્હાની કબુલાત કરતા જણાવ્યુ હતુ કે તેનો સંપર્ક મુંબઈમાં રહેતા એક નાઈજીરીયન નાગરીક કયુબેન સાથે થયો હતો. આ નાઈજીરીયન હેન્ડલરના આદેશથી તે મુંબઈથી ટ્રેન મારફતે રાજસ્થાનના જયપુર ખાતે આવેલ સીંધી કેમ્પસ બસ સ્ટેન્ડ પહોચ્યો હતો. ત્યા તેને એક અજાણ્યા શખ્સે આ કરોડો રૂપીયાનુ ડ્રગ્સ ભરેલી ટ્રાવેલ બેગ સોપી હતી. આ જથ્થો લઈને તે વાયા અમદાવાદ થઈને પરત મુંબઈ સપ્લાય કરવા જઈ રહ્યો હતો. ત્યારે જ પોલીસની જાળમાં ફસાઈ ગયો, ચોકાવનારી વાત એ છે કે આટલી મોટી સપ્લાય ટ્રીપના બદલામાં તેને માત્ર ૧૦ હજાર રૂપીયા મળવાના હતા.

નરોડા પોલીસે પકડેલા આ જથ્થાનુ ચોકકસ વજન કરતા તે ૭૦૮૪.૦ ગ્રામ (અંદાજે ૭.૦૮ કિલો) હોવાનુ બહાર આવ્યુ છે. આંતરરાષ્ટ્રીય બજારની કિંમત મુજબ ૧ ગ્રામના અંદાજે ૨૦ હજાર રૂપીયા લેખે આ ડ્રગ્સની કુલ કિંમત રૂપીયા ૧૪,૧૬,૮૦,૦૦૦ થાય છે. આ સિવાય પોલીસે આરોપી પાસેથી સ્માર્ટ ફોન, રોકડા રૂપીયા, ઓળખપત્ર અને ટ્રાવેલ બેગ સહિત કુલ ૧૪,૧૬,૮૨૦ રૂપીયાનો મુદ્દા માલ કબ્જે કર્યો છે. પોલીસે આરોપી સાજીદ શેખ વિરૂધ્ધ એનડીપીએસ એકટની વિવિધ કડક કલમો હેઠળ ગુન્હો નોંધી તેની ધરપકડ કરી છે. આ હાઈપ્રોફાઈલ રેકેટના મુળ સુધી પહોચવા માટે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસ સંયુકત રીતે કામ કરી રહી છે. હાલમાં આ ગુન્હામાં સંડોવાયેલા મુખ્ય સુત્રધાર એવા નાઈજીરીયન હેન્ડલર કયુબેન તથા જયપુર ડ્રગ્સ ડીલીવરી આપનાર અજાણ્યા શખ્સની શોધખોળ માટે અલગ અલગ ટીમો બનાવીને રાજસ્થાન અને મુંબઈ રવાના કરવામાં આવી છે.

# વડોદરામાં માંજલપુર ભાજપના ધારાસભ્ય યોગેશ પટેલનુ નિધનઃ ગુજરાત વિધાનસભા ફરીથી ખંડીત

પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરાના ધારાસભ્ય યોગેશ પટેલનુ નિધન થયુ છે. હાર્ટ એટેક ના લીધે તેમનુ નિધન થયુ છે. તેઓ ૭૯ વરસના હતા, તેઓ સતત ૮ ટર્મ થી ધારાસભ્ય તરીકે ચુંટાયા હતા, વડોદરાની સ્ટર્લીંગ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનુ નિધન થયુ હતું. આમ ગુજરાત વિધાનસભા વધુ એક વખત ખંડીત થઈ છે. અગાઉ ભાજપના ધારાસભ્ય ગોવિંદ પરમાર મૃત્યુ પામ્યા હતા, તેના કારણે ત્યાં પેટા ચુંટણી યોજાઈ હતી, આના પગલે આગામી દિવસોમાં વડોદરાની માંજલપુર બેઠકની પેટા ચુંટણી પણ આવી શકે છે. આમ તાજેતરમાં જ ગોવિંદ પરમારના મૃત્યુના પગલે વિધાનસભા ખંડીત થયા બાદ પેટા ચુંટણી યોજાઈ હતી અને તેમાં તેમનો પુત્ર જીતતા વિધાનસભ્યોની સંખ્યા ૧૮૨ થઈ ગઈ હતી, પરંતુ હજુ તેને મહિના ઉપરાંત નો સમય માંડ થયો ત્યાં જ યોગેશ પટેલના નિધનના કારણે ગુજરાત વિધાનસભા ખંડીત થઈ છે.



આમ ગુજરાત વિધાનસભા માટે ૧૮૨ નો આંકડો જાણે અપશુકનીયાળ લાગે છે, વડોદરાના જાણીતા રાજકારણી અને ધારાસભ્ય યોગેશ પટેલના નિધન અંગે ગુજરાતના નેતાઓએ શોકની લાગણી વ્યકત કરી છે. તેઓ ૨૩ જુલાઈ ૧૯૪૬ ના રોજ જન્મ્યા હતા. તેઓ ૧૯૯૫ માં ભાજપમાં જોડાયા હતા, વડોદરાના સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારે જણાવ્યુ હતુ કે તેમના મૃત્યુના સમાચાર સાંભળી દુઃખ થયુ, વડોદરાની અને તેમાં પણ ખાસ કરીને માંજલપુરની જનતાને તેમના મૃત્યુના કારણે ન પુરાય તેવી ખોટ પડી છે. પ્રજાનુ હીત તેમના હૈયે હતું. તે સતત પ્રજા હિત ના કાર્યોમાં તત્પર રહેતા હતા. જયારે પણ પ્રજાના પ્રશ્નોની વાત આવે ત્યારે તેમણે હંમેશા આગેવાની લીધી હતી. લડાયક સ્વભવાના યોગેશ પટેલ લોકો માટે અવાજ ઉઠાવવા જાણીતા હતા. હંમેશા લોકોની સમસ્યાઓને તેમણે વાચા આપી હતી. પોતાના મતવિસ્તારના પ્રશ્નો રજુ કરવામાં અને તેના ઉકેલ લાવવામાં તે સતત આગળ રહેતા હતા. રાષ્ટ્રીય આગેવાન મેનકા ગાંધી યોગેશ પટેલને ભાઈ માનતા હતા. ૧૯૯૦ થી ૨૦૦૭ સુધી રાવપુરા બેઠક પરથી પાંચ વખત અને ૨૦૧૨, ૨૦૧૭ અને ૨૦૨૨ માં એમ ૩ વખત માંજલપુર બેઠક પરથી ચુંટાઈ આવ્યા હતા. સતત પ્રજાની વચ્ચે રહેવુ અને પ્રજાહિતનુ ચિંતન કરવુ તે તેનો સ્વભાવ હતો. તે માંજલપુરમાં યોગેશ કાકાના હુલામણા નામથી જાણીતા હતા. તેમના મૃત્યુના કારણે વડોદરામાં તેમના સમર્થકો અને ભાજપના કાર્યકરોમાં ઘેરા શોકની લાગણી છે. યોગેશ પટેલના નિધનની સાથે વડોદરા ભાજપે ફકત મોભી નહી પણ તેમનો મોટો ગઢ પણ ગુમાવ્યો છે.

# વડોદરા વાલ્મીકિ સમાજના સામાજિક અને કર્મચારી આગેવાન છગનભાઈ સોલંકીનું દુઃખદ અવસાન તા. ૨૬/૦૫/૨૦૨૬ના રોજ થયું

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

છગનભાઈ સોલંકી એ અખિલ ભારતીય સફાઈ મઝદુર કોંગ્રેસના આગેવાન તરીકે વર્ષો સુધી સેવા બજાવી હતી. તેઓએ ૧૯૬૦ થી સમાજના જરૂરિયાતમંદ બાળકોને પાઠ્યપુસ્તક અને નોટબુક પૂરી પાડતા હતા.




વડોદરા શહેરના વાલ્મીકિ સમાજના સામાજિક કાર્યકરો અંબાલાલ મોતીલાલ સોલંકી મોરખલા, દલપતસિંહ સોલંકી ગોત્રી, મગનભાઈ દેસાઈ વડોદરા, વડોદરા જિલ્લાના પીઢ સામાજિક કાર્યકર, સોમાભાઈ કાલીદાસ સોલંકી, રશ્મિકાંત શંકરલાલ વૈષ્ણવ, મણીલાલ સોલંકી વિગેરે સામાજિક કાર્યકરો વડોદરા શહેર અને જિલ્લાના વાલ્મીકિ સમાજના ઉત્થાન માટે અને સમાજના વિકાસ માટે સારી કામગીરી બજાવી હતી તેમ છતાં છગનભાઈ સોલંકી ખૂબ જ આગળ પડતી ભૂમિકા ભજવી રહ્યા હતા. ૫૦ થી ૮૦ ના ગાળામાં તેઓએ વડોદરા શહેરમાં અનેક મોટા-મોટા સંમેલનો અને મિટિંગો કરી સમાજ જનજાગૃતિ માટેના પ્રયાસો કરતાં હતા.

તેઓના દુઃખદ અવસાનથી ગુજરાત પ્રદેશ વાલ્મીકિ સમાજના તેમજ ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસના પ્રમુખ ભાઈલાલ બી. વૈષ્ણવે તેઓના આત્માને શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

જગતનિયંતા પરમેશ્વર તેઓના આતમાંને ચીર શાંતિ આપે એ માટે ગુજરાત પ્રદેશ વાલ્મીકિ સમાજના મહામંત્રી કાંતિભાઈ સોલંકી વિગેરેએ શ્રધ્ધાંજલિ પાઠવી છે. એને તેઓના પરિવાર ઉપર આવી પડેલ આફતને સહન કરવાની શક્તિ આપે તે માટે જગત નિયંતા પરમેશ્વરને પ્રાર્થના કરી છે.

# તિરુપતિ બાલાજી પ્રત્યેની અસિમ શ્રધ્ધાને લઈને મે મહિનામાં ૨૭ દિવસમાં જ બાર લાખ ઉપરાંત ભક્તો ધ્વારા વાળનું કરાયું દાન?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આંદ્ર પ્રદેશમાં આવેલા વિશ્વના સૌથી ધનાઢય મંદિર તિરુમાલામાં પહેલી મેથી ૨૭ મેની વચ્ચે ૧૨,૪૩,૦૬૩ ભકતોએ મુંડન કરાવીને પ્રભુને પોતાના વાળ ચડાવ્યા હતા. આ આંકડો ગયા બે વર્ષના મે મહિનાના મુંડન કરતાં ઘણો વધારે છે. ૨૦૨૫ના મે મહિનામાં ૧૦,૧૮,૩૭૦ ભક્તોએ અને ૨૦૨૪ ના મે મહિનામાં ૧૦,૬૫,૭૨૯ ભક્તોએ મુંડન કરાવ્યુ હતું.



બોલચાલમાં તિરુપતિ બાલાજી તરીકે પણ કહેવાતા ભગવાન વેંકટેશ્વરને વાળ ચડાવવાની પરંપરા ગરમીની સિઝનમાં ખૂબ વધી ગઈ છે. ગયા મહિનાના પહેલા ૨૭ દિવસમાં જે સંખ્યામાં ભકતોએ માથું મૂંડાવ્યું એનાથી દુનિયાના સૌથી મોટા ''કલ્યાણ કટ્ટા'' એટલે કે મુંડન કેન્દ્રનો રેકોર્ડ બની ગયો છે. તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (TTD) ના અધિકારીઓએ વાળના ચડાવવામાં થઈ રહેલા વધારાનું શ્રેય હાલની ગરમીને આપ્યું છે.માણસોના વાળને કાળું સોનું કહેવામા આવે છે અને દુનિયાભરના બજારોમાં એની ખૂબ ડિમાન્ડ છે. TTD દર વર્ષે માણસોના વાળ વેચીને ૧૩૦ કરોડથી વધુ રૂપિયાની કમાણી કરે છે. શ્રધ્ધા સાથે સેવાનો અનેરો સંગમ કરાવે છે. અઢળક કમાણી જે મંદિરમાં સમાણી.

# ભાવનગર સીવીલ હોસ્પિટલમાં પરીવારને જાણ કર્યા વગર વેન્ટિલેટર બંધ કરી દેતા યુવકે જીવ ગુમાવ્યોઃ સીવીલ હોસ્પિટલના સ્ટાફની બેદરકારીનો આક્ષેપ

પ્રતિનિધિ,ગાંધીનગર

ભાવનગરની સરકારી સીવીલ હોસ્પિટલ ફરી એકવાર વિવાદોના ઘેરાવમાં આવી છે. હોસ્પિટલના સ્ટાફની ઘોરબેદરકારી અને તોછડા વર્તનને કારણે એક ૨૨ વર્ષીય આશાસ્પદ યુવકે પોતાનો જીવ ગુમાવવો પડયો હોવાનો ગંભીર આક્ષેપ પરીવારે લગાવ્યો છે. એક ચકચારી ઘટનાને પગલે મૃતકના પરીવારજનો સહિત સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મળતી માહિતી અનુસાર ગઈ તારીખ ૨૮ મે ના રોજ ધોલેરા હાઈવે પર સર્જાયેલા એક ગમખ્વાર અકસ્માતમાં નરેશ વ્યાસ નામનો ૨૨ વર્ષનો યુવક ગંભીર રીતે ઘાયલ થયો હતો. તેને તાત્કાલીક સારવાર માટે ભાવનગર સીવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં હોસ્પિટલના એસઆઈસીયુ વોર્ડ માં છેલ્લા ૫ દિવસથી તેની સારવાર ચાલી રહી હતી. મૃતક યુવકના પરીવારનો આક્ષેપ હતો કે એસઆઈસીયુ વોર્ડ માં ફરજ પરના તબીબી સ્ટાફ દ્વારા દર્દીના પરીવારને કોઈપણ પ્રકારની પૂર્વ જાણ કે સુચના આપ્યા વગર જ



અચાનક વેન્ટિલેટર બંધ કરી દેવામાં આવ્યુ હતું. સ્ટાફની આ ગંભીર અને ગુન્હાહીત બેદરકારીના કારણે જ નરેશે દમ તોડી દીધો હતો. આ ઉપરાંત પરીવારે એવો પણ આક્ષેપ કર્યો છે કે સારવાર દરમિયાન જયારે પણ તેઓ દર્દીની સ્થિતિ અંગે પુછપરછ કરતા ત્યારે હોસ્પિટલ સ્ટાફ દ્વારા તેમની સાથે વારંવાર અત્યંત તોછડાઈભર્યુ અને અપમાનજનક વર્તન કરવામાં આવતુ હતું. એક તરફ વ્હાલસોયા દિકરાના મોતના ગમમાં ડુબેલા પરીવારે હવે ન્યાયની ગુહાર લગાવી છે અને આ સમગ્ર મામલે જવાબદાર તેમજ બેદરકાર સ્ટાફ વિરૂધ્ધ તાત્કાલીક કડક કાનુની પગલા લેવામાં આવે તેવી ઉગ્ર માંગ કરી છે.

# રાજકોટના નવા મેયરે ગાદી સંભાળતા જ ભાજપના સીનીયર નેતાઓના કામ અટકાવી દીધા

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટના નવનિયુકત મેયર નેહલ શુકલ પદ પર બિરાજમાન થતા જ વિવાદમાં આવ્યા છે. તેઓએ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા છેલ્લા એક વરસમાં શરૂ થયેલા કામોની સમિક્ષા કરવાનો નિર્ણય લીધો છે. તેઓએ પૂર્વ સ્ટેન્ડીગ કમિટી ચેરમેન જયમીન ઠાકરે બે વરસમાં મંજુર કરેલા પ્રોજેકટ સ્થગિત કર્યા છે. ગુજરાતમાં આવુ પહેલીવાર જોવા મળ્યુ કે ભાજપના જ સત્તાધીશોએ મંજુર કરેલા કામ ભાજપના નવા મેયરે કેન્સલ કર્યા,




ત્યારે શું અગાઉ ભાજપના સત્તાધીશોના કામમાં ગરબડ ગોટાળા હતા ? ગુજરાતની ૧૫ મહાનગરપાલિકામાં નવી બોડી રચાયા બાદ નેહલ શુકલ પહેલા એવા છે જેમણે અગાઉના કામ પર સવાલ ઉઠાવ્યા છે. આવો નિર્ણય લેતા તેઓ વિવાદમાં આવી ગયા છે. રાજકોટનુ રાજકારણ જોઈ કયારેય પ્રદેશ ભાજપ કાર્યાલય પણ ગોઠે ચઢી જતુ હોય છે. આવામાં ભાજપ જેને ટીકીટ પણ આપવા ઈચ્છતુ ન હતુ, તે નેહલ શુકલ ટીકીટ મેળવી કોર્પોરેટર તો બન્યા જ, પણ મેયરની ખુરશી સુધી પણ પહોચ્યા, આવામાં મેયર બન્યાના પહેલા જ અઠવાડીયામાં તેઓ પોતાના નિર્ણયને કારણે વિવાદમાં આવ્યા છે. રાજકોટ મહાનગરપાલિકાના મેયર ડો. નેહલ શુકલ એકશન મોડમાં આવતા મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી હતી. તેઓએ બેઠકમાં મનપાના અધિકારીઓને સ્પષ્ટ જણાવી દીધુ હતુ કે હવે આવુ નહી ચાલે,

પૂર્વ સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન જયમીન ઠાકરે બે વરસમાં મંજુર કરેલા પ્રોજેકટ સ્થગિત કર્યા છે. જે કામનુ પ્રોગેસ ૨૦ ટકા પણ થયુ નથી તેવા કામો સ્થગિત કર્યા છે. આ કામોનો અભ્યાસ કર્યા બાદ આવતા વરસે ફરીથી શરૂ કરવામાં આવશે. ધીમી ગતિએ ચાલતા કામો તાત્કાલીક સ્થગિત કરવામાં આવ્યા છે, ત્યારે રાજકોટ શહેરમાં ચર્ચાએ જોર પકડયુ છે કે એકશન મોડમાં આવતા જ મનપા મેયરે દાવ લેવાનુ શરૂ કર્યુ કે, તેઓએ જાહેરાત કરી કે અધિકારીઓ કે કોન્ટ્રાકટર દ્વારા મનપાને કોઈ નુકશાન કરાવ્યુ હશે તો અધિકારીઓ વિરૂધ્ધ પગલા લેવાશે અને કોન્ટ્રાકટરને બ્લેકલીસ્ટ કરવામાં આવશે.

# પાલડી ચાર રસ્તા પાસે ૫૫ વર્ષ જૂના ફ્લેટની ગેલેરી થઈ ધરાશાયી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરના કોટ વિસ્તાર અને તેની આસપાસ જૂની ઈમારતો નબળી પડવાના કારણે સર્જાતી દુર્ઘટનાઓનો સિલસિલો યથાવત રહ્યો છે. શહેરના વ્યસ્ત અને પોશ ગણાતા પાલડી ચાર રસ્તા નજીક આવેલા એક અતિ જૂના ફ્લેટની ગેલેરીનો મોટો ભાગ અચાનક તૂટી પડતાં સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. જોકે, આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી.પાલડી ચાર રસ્તા પાસે અંદાજે ૫૫ વર્ષ જૂના 'વર્ધમાન ફ્લેટ' આવેલા છે. આ ફ્લેટ ઘણા સમયથી જર્જરિત અને અત્યંત બિસ્માર હાલતમાં હતા. આજે અચાનક આ બિલ્ડિંગના ઉપરના માળની ગેલેરીનો એક મોટો હિસ્સો કડાકાભડાકા સાથે નીચે તૂટી પડ્યો હતો. કાટમાળ નીચે પડવાના અવાજથી આસપાસના રહીશો અને માર્ગ પરથી પસાર થતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો અને લોકો જીવ બચાવવા માટે ભાગવા લાગ્યા હતા.આ અકસ્માત એટલો ભયાનક હતો કે ગેલેરીનો મસમોટો સ્લેબ સીધો નીચે આવીને પટકાયો હતો.

સદનસીબે જે સમયે આ ગેલેરી તૂટી પડી, તે સમયે તેની બરાબર નીચે કે આસપાસ કોઈ વ્યક્તિ હાજર ન હતી, જેના કારણે એક બહુ મોટી દુર્ઘટના અને જાનહાનિ ટળી ગઈ છે.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો અને સોસાયટીના સભ્યો એકઠા થઈ ગયા હતા અને કાટમાળ હટાવવાની તેમજ સુરક્ષાના પગલાં લેવાની કામગીરી શરૂ કરી હતી. સ્થાનીકોએ આ અંગે મ્યુનિસિપલ કોર્પોરેશનને પણ જાણ કરી છે જેથી બાકીનો જર્જરિત ભાગ ઉતારી શકાય.